" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 09 | Issue - 43 | AD - 2025, Kartak Vad - 12 | Sunday, Dt.16-11-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## વડાપ્રધાન મોદી ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીમાં હાજરી આપવા ગુજરાત આવ્યા

# દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આદિવાસી નેતાઓનું મહત્વનું યોગદાન : મોદી

અમદાવાદ,તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે ગુજરાત આવી પહોંચ્યા હતા. તેમણે સુરતમાં બંધાઈ રહેલા મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ કોરિડોરનું નિરીક્ષણ કર્યું હતું. ત્યાર બાદ તેમણે નર્મદા જિલ્લાના ડેડિયાપાડાની મુલાકાત લીધી હતી અને દેવમોગરા મંદિરમાં પાંડોરી માતાને પ્રાર્થના કરી હતી.

ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં આદિવાસી સમુદાયો દ્વારા પાંડોરી માતાને કુળદેવી માનવામાં આવે છે. વડાપ્રધાને ડેડિયાપાડામાં ૪ કિલોમીટરનો રોડ શો પણ કર્યો હતો, જ્યાં રસ્તાના કિનારે હજારો આદિવાસી લોકો જોવા મળ્યા હતા.રોડ શો પછી, વડાપ્રધાન ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીમાં હાજરી આપવા પહોંચ્યા હતા. જ્યાં તેઓએ રૂ.૯,૭૦૦ કરોડથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને



શિલાન્યાસ કર્યો. ઉલ્લેખનીય છે કે, દિલ્હી જવા રવાના થતા પહેલાં તેઓ બિહારી સમુદાયને સંબોધવા સુરત એરપોર્ટ પર પહોંચ્યા હતા. સભાસ્થળે પહોચીને પીએમ મોદીએ ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસના મુખ્ય કાર્યક્રમમાં ૯૭૦૦ કરોડના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને શિલાન્યાસ કર્યા હતા. ત્યારબાદ પીએમ મોદીએ સભાને સંબોધન કર્યું હતું, જેમાં તેમણે દેશના સ્વતંત્રતા સંગ્રામમાં આદિવાસી નેતાઓના યોગદાનને યાદ કર્યું હતું. તેમણે કહ્યું કે દેશની રક્ષા માટે આદિવાસી લોકો હંમેશા આગળ રહ્યા છે. આ સાથે પીએમ મોદીએ તેમના ગુજરાતના મુખ્યમંત્રીકાળ દરમિયાન અને કેન્દ્રમાં વડાપ્રધાનપદ પર રહેતા છેલ્લા ૧૧ વર્ષમાં આદિવાસી કલ્યાણ માટે જે યોજનાઓ લાગુ કરી અને જે કામ કર્યા તેનો ઉલ્લેખ કર્યો હતો. આ સાથે પીએમ મોદીએ કોંગ્રેસ સરકાર પર પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે કોંગ્રેસની સરકારેએ હંમેશા આદિવાસીઓની અવગણના કરી છે. PM નરેન્દ્ર મોદીએ કહ્યું કે આજે જનજાતિય ગૌરવ દિવસનો અવસર આપણને આપણા લાખો આદિવાસી ભાઈ-બહેનો સાથે થયેલા અન્યાયને યાદ કરવાનો પણ અવસર આપે છે. ૭ દાયકા સુધી દેશ પર શાસન કરનાર કોંગ્રેસ પાર્ટીએ આદિવાસીઓને તેમના ભાગ્ય પર છોડી દીધા. આદિવાસી વિસ્તારોમાં કુપોષણનો ભય હતો, આરોગ્ય સુરક્ષા એક સમસ્યા હતી, શિક્ષણનો અભાવ હતો અને કનેક્ટિવિટીનો અભાવ હતો. આ અભાવ આદિવાસી વિસ્તારોની ઓળખ બની ગયો હતો. અને કોંગ્રેસ સરકાર નિષ્ક્રિય બેસી રહી. પરંતુ આદિવાસી કલ્યાણ ભાજપની ટોચની પ્રાથમિકતા રહી. અમે હંમેશા આદિવાસીઓ સાથે થઈ રહેલા અન્યાયને દૂર કરવા અને વિકાસના લાભ તેમના સુધી પહોંચાડવાના સંકલ્પ સાથે આગળ વધ્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક દિવસના ગુજરાતના પ્રવાસ દરમિયાન પહેલા સુરત અને નર્મદા જિલ્લાના ડેડિયાપાડાની મુલાકાતે હતા. સુરતના આંત્રોલીમાં પીએમ મોદીએ અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનના નિર્માણાધીન સ્ટેશનની મુલાકાત લીધી હતી અને બાંધકામની પ્રગતિ અંગે સમીક્ષા કરી હતી. ત્યારબાદ પીએમ મોદી નિયોલ હેલિપેડથી નર્મદા જિલ્લાના સાગબારા પહોંચ્યા હતા, જ્યાં દેવમોગરા મંદિરમાં પાંડોરી માતાના દર્શન કરી પૂજા-અર્ચના કરી હતી. સાગબારાથી પીએમ મોદીએ ડેડિયાપાડામાં હેલિપેડ ખાતે ઉતરાણ કર્યું હતું અને ત્યાંથી સભાસ્થળ સુધી ૨ કિમી જેટલો રોડ-શો કર્યો હતો.








## શ્રધ્ધાંજલિ - બેસણું



જીવન એવું જીવી ગયા કે જીવનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા સૌ યાદ કરે,
ધર્મ કદી ભૂલ્યા નહી, વ્યવહાર કદી ચૂક્યા નહી, સુખ દુઃખમાં સદા હસતા રહ્યા.
આપની હયાતી અમારા માટે પ્રેરણા હતી, આપનો ધર્મપ્રિય, પરોપકારી અને
માયાળું સ્વભાવ હંમેશા અમારા જીવનમાં યાદોની સંજીવની બની રહેશે.
ભગવાન શ્રી સ્વામિનારાયણ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.......

### સ્વ. ભીખાભાઈ માધાભાઈ દેસાઈ

સ્વ. કારતક વદ - એકાદશી, શનિવાર તા. ૧૫/૧૧/૨૦૨૫ ઉ.વ. ૭૭
મુ. પીઠવાજાળ તા.જી. અમરેલી

**બેસણું**

| પીઠવાજાળ | અમરેલી |
|---|---|
| ૧૭/૧૧/૨૦૨૫ ને સોમવારે, સવારે ૮-૦૦ કલાકથી અમારા નિવાસસ્થાને મુ. પીઠવાજાળ, તા.જી. અમરેલી. | ૧૮/૧૧/૨૦૨૫ ને મંગળવારે, બપોરે ૩-૦૦ થી ૬-૦૦ કલાક શ્યામ વાડી, લીલીયા રોડ, અમરેલી. |

**લી. શોકાતુર**

ગં.સ્વ. કસ્તુરબેન ભીખાભાઈ દેસાઈ

નિલેશભાઈ ભીખાભાઈ દેસાઈ
મમતાબેન નિલેશભાઈ દેસાઈ
ભાવનાબેન રોહિતભાઈ રાદડિયા (બોરાળા)

સુરેશભાઈ ભીખાભાઈ દેસાઈ
ફાલ્ગુનીબેન સુરેશભાઈ દેસાઈ
રેખાબેન રામજીભાઈ સતાણી (વાવડી)

દર્શ નિલેશભાઈ દેસાઈ - આયુશી સુરેશભાઈ દેસાઈ - વૃંદ સુરેશભાઈ દેસાઈ

ગં.સ્વ. શાંતિબેન છગનભાઈ હિરપરા (બહેન)
લાભુબેન વલ્લભભાઈ સરવૈયા (બહેન)
ગં.સ્વ. સવિતાબેન નાગજીભાઈ કાકડીયા (બહેન)
દમુબેન જેરામભાઈ કુંભાણી (બહેન)
દિપકભાઈ લવજીભાઈ ભંડેરી (ભાણેજ)

સંજોગ ન્યુઝ પરિવારના જય સ્વામિનારાયણ

# અમરેલીના વડેરા ગામે વન્યપ્રાણીએ કરેલા હુમલામાં ૧૦ ઘેટાના મોત

**ઘેટાના મોત થતા પશુપાલકને અંદાજે રૂા.૧ લાખનું નુકસાન થયું**



અમરેલી,તા.૧૫

અમરેલી તાલુકાના વડેરા ગામમાં મોડી રાત્રે ભાવેશભાઈ ભરવાડના પશુઓના વાડામાં એક વન્યપ્રાણીએ હુમલો કર્યો હતો, જેના કારણે ૧૦ ઘેટાંના મોત થયા છે. આશરે રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ થયેલા આ હુમલામાં બે ઘેટાંનું મારણ થયું, જ્યારે બાકીના આઠ ઘેટાં ભય અને ગભરાટને કારણે મૃત્યુ પામ્યા હતા. પશુપાલક પરિવારને અંદાજે રૂ.૧ લાખનું નુકસાન થયું છે. ઘટનાની જાણ થતાં વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. વન વિભાગને આ હુમલો દીપડાએ કર્યો હોવાની આશંકા છે અને તેના સગડના આધારે તપાસ ચાલી રહી છે.

# જિ. સ. સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીની ઉપસ્થિતીમાં ૭૨મા અખિલ ભારતીય સહકાર સપ્તાહનો પ્રારંભ



અમરેલી,તા.૧૫

ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘના દિશાનિર્દેશો અનુસાર અને ગુજરાત રાજ્ય સહકારી સંઘના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીની ઉપસ્થિતિમાં જિલ્લા સહકારી સંઘ, જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. અને ટીમ સહકાર અમરેલીના સંયુક્ત ઉપક્રમે અમર ડેરીના પટાંગણમાં ૭૨મા અખિલ ભારતીય સહકાર સપ્તાહ અંતર્ગત સહકારી ધ્વજવંદન કરી સહકાર સપ્તાહનો શુભારંભ કરાયો હતો. આ પ્રસંગે મહેમાન તરીકે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, અમરેલી જિલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયંતીભાઈ પાનસુરીયા, અમરેલી જિલ્લા મધ્યસ્થ બેન્કના ઉપાધ્યક્ષ અને જિલ્લા સંઘના ડાયરેક્ટર અરુણભાઈ પટેલ, ડાયરેક્ટર ચંદુભાઈ રામાણી, ડાયરેક્ટર રામજીભાઈ કાપડિયા, જિલ્લા સંઘના યુથ ડાયરેક્ટર રાજભાઈ જાની, જગદીશભાઈ નાકરાણી, રવિભાઈ પંડ્યા, જિલ્લા મધ્યસ્થ બેન્કના જનરલ મેનેજર બી.એસ. કોઠીયા, અમર ડેરીના એમ.ડી. આર. એસ. પટેલ, સંઘના એક્ઝીક્યુટીવ ઓફિસર ભાર્ગવભાઈ ત્રિવેદી, સહકારી આગેવાનો અને સહકારી કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# બાઢડા ગામ પાસે વાડીએ ટ્રેન નીચે આવી જવાથી માસુમનું મોત

**રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એચ.પી. વેગડાએ વધુ તપાસ હાથ ધરી**

સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલાના બાઢડા ગામ પાસે વાડીએ ટ્રેન નીચે આવી જવાથી માસુમનું મોત થયું હતું. મૂળ મધ્યપ્રદેશના અને હાલ સાવરકુંડલાના બાઢડા ગામે વાડીએ રહેતા પ્રદીપભાઈ ઈન્દ્રસિંહ ભુરીયા (ઉ.વ.૨૫) એ જાહેર કર્યા મુજબ, તેનો બે વર્ષનો પુત્ર ભાગીયું રાખેલ વાડીએ રમતો હતો. રમતા રમતા રેલવે ટ્રેક પાસે આવી ગયેલ અને તેવામાં ટ્રેન પસાર થતાં ટ્રેન નીચે આવી જતા મરણ પામ્યો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એચ.પી. વેગડા વધુ તપાસ કરી રહ્યા છે.

# માલશિકા ગામે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પ્રાકૃતિક ખેતી વિષયક તાલીમ યોજાઈ



અમરેલી,તા.૧૫

અમરેલીના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા માલાશિકા ગામે તા.૧૪-૧૧-૨૦૨૫નાં રોજ પ્રાકૃતિક વિષય ઉપર તાલીમ યોજાઈ હતી. કેવીકે વિષય નિષ્ણાંત (ગૃહ વિજ્ઞાન) ડો. નેહા તિવારી દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક પેદાશોનું મૂલ્યવર્ધન કેવી રીતે કરવું તેના વિશે માર્ગદર્શન આપ્યું હતું. કેવીકેનાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મીનાક્ષી કે. બારીયા દ્વારા કેવીકેની કામગીરી વિશે તથા પ્રાકૃતિક ખેતીનું મહત્વ અને જમીન અને પાણીના પૃથ્થકરણ માટે નમૂનો કેવી રીતે લેવો એ વિશે ખેડૂતોને માહિતગાર કર્યા હતા. ડો. શ્વેતા એ. પટેલ, કેવીકે વિષય નિષ્ણાંત (સશ્ય વિજ્ઞાન) દ્વારા પ્રાકૃતિક ખેતીના આયામો સમજાવી, તેને બનાવતી વખતે તકેદારીના કયા કયા પગલા લેવા જોઈએ અને તેના ઉપયોગ તથા ફાયદા વિશે જણાવ્યું હતું. શિયાળુ પાકોમાં વાવણી કરતી વખતે લેવાની થતી કાળજીઓ વિશે તથા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા બહાર પાડવામાં આવેલ નવીન જાતોની લાક્ષણિકતાઓ વિશે પણ ખેડૂતોને માહિતગાર કર્યા હતા. આ તાલીમમાં અંદાજે ૫૫ જેટલા ખેડૂત ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# લાઠી શહેરમાં ૫૦ જરૂરિયાતમંદ પરિવારોને રાશનકિટનું વિતરણ



તસવીર : જગદીશ ખેર

લાઠી,તા.૧૫

રાષ્ટ્રસંત નમ્રમૂનિ મહારાજની પ્રેરણાથી લાઠીમાં ૫૦ જરૂરિયાતમંદ કુટુંબને રેશનીંગ કીટમાં ચા, ખાંડ, તેલ સહિતની વસ્તુઓ આપવામાં આવી હતી. જેથી જરૂરિયાતંમદ કુટુંબોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી. અર્હમ ગૃપના સહયોગથી આ સેવાકિય કાર્ય કરવામાં આવ્યુ હતું.

# અમરેલીમાં ભાજપે બિહાર ચૂંટણીમાં પક્ષના વિજયની ફટાકડા ફોડીને ઉજવણી કરી



અમરેલી,તા.૧૫

ભાજપનાં નેતૃત્વવાળા એન.ડી.એ. ગઠબંધનનો બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય વિજય થતાં અમરેલીનાં ડૉ. જીવરાજ મહેતા ચોક (રાજકમલ) ખાતે જિલ્લા પ્રમુખ અતુલભાઈ કાનાણીની આગેવાનીમાં હોદ્દેદારો-કાર્યકરોએ ફટાકડા ફોડીને ભાજપના વિજયને વધાવ્યો હતો. અત્રે જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલ ધોરાજીયા, ખજાનચી દિપક વઘાસિયા, અમર ડેરીના ચેરમેન અશ્વિન સાવલિયા, પ્રદેશ યુવા મોરચાના ઉપપ્રમુખ મનિષ સંઘાણી, શહેર ભાજપ પ્રમુખ વિજય ચોટલિયા, મહામંત્રી યોગેશ ગણાત્રા, રાકેશ સાવલિયા, રેખાબેન માવદિયા, સહકારી અગ્રણી અનિલ વેકરિયા, ભાજપ અગ્રણી કેતન ઢાંકેચા, વનરાજભાઈ કોઠીવાળ, દિવ્યેશ વેકરિયા, અલકાબેન ગોંડલિયા, પ્રવિણ ચાવડા, રમેશભાઈ શિંગાળા સહિત કાર્યકરો હાજર રહ્યા હતા.

# દિલીપ સંઘાણીએ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રાબાબુ નાયડુ સાથે મુલાકાત કરી

**રાજ્ય સરકાર તરફથી વધારાના સહકારને વધુ મજબૂત બનાવવાના મુદ્દાઓ પર ચર્ચા થઈ**



અમરેલી,તા.૧૫

ઈફકોના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણીએ આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રાબાબુ નાયડુ સાથે મુલાકાત કરી હતી અને ઈફકો કિસાન SEZના વિકાસ કાર્યોને આગળ ધપાવવા અંગે અત્યંત સારગર્ભિત અને સકારાત્મક ચર્ચા કરી હતી.

બેઠક દરમિયાન પ્રોજેક્ટની વર્તમાન પ્રગતિ, ભવિષ્યની સંભાવનાઓ અને રાજ્ય સરકાર તરફથી વધારાના સહકારને વધુ મજબૂત બનાવવાના મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ ઈફકો કિસાન SEZ પ્રોજેક્ટ રાજ્યના ઔદ્યોગિક વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું હતું અને સંબંધિત અધિકારીઓને પ્રોજેક્ટ માટે જરૂરી તમામ સહકાર અને કાર્યવાહી તાત્કાલિક આપવાના નિર્દેશો આપ્યા હતા.

દિલીપભાઈ સંઘાણીએ મુખ્યમંત્રીના સકારાત્મક અભિગમ તથા તાત્કાલિક સહકાર બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે રાજ્ય સરકારના આ સમર્થનથી પ્રોજેક્ટને નવી ગતિ મળશે તથા ક્ષેત્રના ઔદ્યોગિક અને આર્થિક વિકાસને મજબૂત આધાર મળશે.

આ મહત્ત્વપૂર્ણ બેઠકમાં આંધ્ર પ્રદેશના ઉદ્યોગ મંત્રી ટી.જી. ભારત, ઉદ્યોગ વિભાગના સચિવ ડૉ. એન. યુવરાજા (IAS), ઈફકોના મેનેજિંગ ડિરેક્ટર કે.જે. પટેલ સહિત અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બીએલઓની કામગીરીમાંથી મુક્તિ આપવા માટે રાજુલામાં શિક્ષકોએ આવેદન પાઠવ્યું



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૧૫

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુજરાત પ્રાંતના માર્ગદર્શન હેઠળ, તા. ૧૫/૧૧/૨૦૨૫ના રોજ, ગુજરાતના ૧૮૨ વિધાનસભા ક્ષેત્રોમાં પ્રાંત અધિકારીઓને બી.એલ.ઓ. સંદર્ભે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જે મુજબ રાજુલા પ્રાંત અધિકારીને પણ આવેદન અપાયું હતું.

શિક્ષકોનું સન્માન જળવાય અને કામગીરી પૂર્ણ કરવા અનુકૂળતા મળે તે મુખ્ય ઉદ્દેશ્ય સાથે, શિક્ષકોને બિનશૈક્ષણિક કામગીરીમાંથી મુક્તિ આપવા, BLO ઓર્ડર શાળાના ગામમાં આપવા અને એક વખત કામગીરી કરનાર શિક્ષકને ફરી ઓર્ડર ન આપવા જેવી માંગણીઓ કરવામાં આવી હતી. આ દરમિયાન, પ્રાથમિક અને માધ્યમિક વિભાગના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં શિક્ષકો હાજર રહ્યા હતા.

# બિહાર ચૂંટણીમાં ભાજપના વિજયની બાબરામાં ભવ્ય ઉજવણી કરવામાં આવી



તસવીર : દિપક કનૈયા

બાબરા, તા.૧૫

બાબરા નાગરિક બેંક ચોકમાં શહેર અને તાલુકા ભાજપે બિહારમાં વિધાનસભાની ચૂંટણીમાં એનડીએનો ભવ્ય વિજય થતા ફટાકડા ફોડી મોં મીઠાં કરી વિજય ઉત્સવ ઉજવ્યો હતો. આ તકે મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા. નગરપાલિકા પ્રમુખ પ્રવિણ કરકર, તાલુકા ભાજપ પ્રમુખ હિતેશભાઈ કલકાણી, જિલ્લા પંચાયત સભ્ય હિંમતભાઈ દેત્રોજા, બીપીનભાઈ રાદડિયા, નગરપાલિકા ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશ હેરમા, અલ્તાફભાઈ નથવાણી, અલ્તાફભાઈ ગોગદા, શહેર યુવા ભાજપ પ્રમુખ હરેશ આગજા, સલીમભાઈ કોટડીયા સહિત આગેવાનો, કાર્યકરોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વિજયોત્સવ મનાવ્યો હતો.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com






## રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું

# અમરેલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં અંદાજે રૂા. ૮૦ કરોડના વિકાસકામો થયા

અમરેલી,તા.૧૫

અમરેલી તાલુકા અંતર્ગત આવતા વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસકામોની હારમાળા સર્જાઈ હતી. રાજ્ય સરકારના ઉર્જા અને કાયદો રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના વરદ્‌હસ્તે જિલ્લાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં અંદાજે કુલ રૂ. ૮૦ કરોડથી વધુની રકમના વિવિધ નવીન વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અમરેલીના પીપળલગ ખાતે આંકડિયા-પીપળલગ રોડ સ્ટ્રક્ચરના નવા વિકાસકામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ઉપરાંત મોટા આંકડિયા ખાતે અનુસૂચિત જાતિ વિસ્તારને જોડતા રોડ પર રૂ. ૪૦ લાખના ખર્ચે સ્ટ્રક્ચર કામગીરીનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. રાજ્યમંત્રીએ અંદાજે રૂ. ૪૧ કરોડના ખર્ચે અમરેલી-નાના આંકડિયા-ચિતલ





રોડના વાઈડનીંગ, સ્ટ્રેન્ધનીંગ કામગીરીનું ખાતમુહૂર્ત કર્યું હતું. જેમાં હયાત રોડને ૭ મીટર પહોળો કરવાની કામગીરી, સીસી રોડની કામગીરી સમાવિષ્ટ છે. આ કામગીરી બનતી ત્વરાએ માર્ગ અને મકાન વિભાગ રાજ્ય દ્વારા શરૂ કરીને પૂર્ણ કરવામાં આવશે. રાજ્યમંત્રીએ અમરેલી-નાના આંકડિયા-ચિતલ રોડ પર માઈનોર બ્રિજની કન્સ્ટ્રક્શન કામગીરીનું ખાતમુહૂર્ત કર્યું હતું. માર્ગ અને મકાન વિભાગ રાજ્ય દ્વારા અંદાજે રૂ. ૪.૫ કરોડના ખર્ચે માઈનોર બ્રિજની કામગીરીનો શુભારંભ કરવામાં આવશે. ઉપરાંત રાજ્યમંત્રીએ અમરેલીના પ્રતાપપરા મુકામે એપ્રોચ રોડના વિકાસકામનું પણ ખાતમુહૂર્ત કર્યું હતું. ચિતલ-રાંઢિયા-લુણીધાર વચ્ચે અંદાજે રૂ. ૩૬ કરોડના ખર્ચે નવો સી.સી. રોડ બનશે. જેમાં હયાત રોડ ૭ મીટર પહોળો કરવામાં આવશે, જેનું રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા દ્વારા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે, જિલ્લામાં વિકાસકામોની યાત્રા અવિરત શરૂ છે. વિવિધ સી.સી. રોડ સહિતના વિકાસકામો ગુણવત્તાલક્ષી રીતે સમયસર પૂર્ણ થાય તે માટે રાજ્યમંત્રીએ સંબંધિત અધિકારીઓને સ્થળ પર સૂચનાઓ આપી હતી.

# રાજુલામાં સોની સાથે ૪ લાખની છેતરપિંડી

રાજુલા, તા.૧૫

રાજુલામાં સોની સાથે રૂપિયા ૪ લાખની છેતરપિંડી અને વિશ્વાસઘાત કરવામાં આવ્યો હોવાની ફરિયાદ નોંધાઈ હતી. હુસેનઅલી મુકતારઅલી અમીરી (ઉ.વ.૫૨)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની દુકાને અજાણ્યા આરોપીએ આવી પ્રથમ હાર બતાવી તેમાંથી બે સોનાની કડીઓ આપી તેમને વિશ્વાસમાં લીધા હતા. બાદમાં તેમની પાસે રહેલા હાર જે સોનાનો ન હોય અને ખોટો હોય તેમ છતાં સોનાનો છે તેમ કહી ફરિયાદી પાસેથી હારના રૂ.૪,૦૦,૦૦૦ રોકડા મેળવી વિશ્વાસધાત અને છેતરપિંડી કરી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

**રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાળાએ વધુ તપાસ હાથ ધરી**

# રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ ભોજલપરા પ્રા.શાળાના બિલ્ડીંગનું લોકાર્પણ કર્યું


**સુખનિવાસ કોલોની ખાતે પ્રાથમિક શાળાના નવા બિલ્ડિંગનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું**

અમરેલી,તા.૧૫

અમરેલીના ધારાસભ્ય અને રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના વરદ્‌હસ્તે સરકારી વસાહત-અમરેલી સ્થિત સુખનિવાસ કોલોની ખાતે પ્રાથમિક શાળાના નવા બિલ્ડિંગનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, અંદાજે રૂ. ૬૫ લાખના ખર્ચે પ્રાથમિક શાળાનું અદ્યતન બિલ્ડિંગ આકાર પામશે. બાળકોને શિક્ષણ માટે ઉત્તમ સુવિધા પ્રાપ્ત થશે. ઉપરાંત અમરેલી સ્થિત ભોજલપરા ખાતે અંદાજે રૂ. ૬૮ લાખના ખર્ચે તૈયાર થયેલ પ્રાથમિક શાળાના નવા અદ્યતન બિલ્ડિંગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અહીં સ્માર્ટ ક્લાસ રૂમ સહિતના વિવિધ ક્લાસરૂમમાં રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ મુલાકાત લીધી હતી અને સુવિધાઓ નિહાળી હતી.



# વડીયામાં વેરાવળ બાંદ્રા ટ્રેનની અડફેટે સિંહબાળને ઈજા થઈ



વડીયા,તા.૧૫

વડીયાથી પસાર થતી બ્રોડગેજ રેલવે લાઈનમાં વાવડી પાસે વેરાવળ-બાંદ્રા ટ્રેન રાત્રીના સમયે પસાર થતી હતી ત્યારે ૭ માસ આસપાસનું એક સિંહબાળ ટ્રેન સાથે અથડાતા ઘાયલ થયું હતું. આ સમયે ટ્રેન ચાલકના ધ્યાને આવતા ટ્રેન રોકવામાં આવી હતી અને સિંહબાળને બચાવવાં પ્રયત્ન થયા હતા. આ સિંહબાળ ઘાયલ થયાના સમાચાર વન વિભાગને મળતા વડીયા વિસ્તારના વનકર્મીઓ હાર્દિક રાખોલીયા અને જયેશ સીસારા દ્વારા અધિકારીઓને જાણ કરી હતી. આથી તેઓ પણ દોડી આવ્યા હતા અને આ સિંહબાળને સારવાર માટે એનિમલ કેર સેન્ટરમાં ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાએ જુનાસાવરની ટી.કે. પારેખ શાળામાં આઠ પંખા ભેટમાં આપ્યા

અમરેલી,તા.૧૫

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી અંતર્ગત આજે જુનાસાવરની ટી.કે. પારેખ હાઈસ્કૂલમાં સમાજહિત માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં SBIની અમરેલી બ્રાન્ચના ચીફ મેનેજર અખિલભાઈ, SBI જુનાસાવર બ્રાન્ચના મેનેજર નીરદભાઈ ઉપસ્થિત રહ્યા હતા. CSR અંતર્ગત SBI જુનાસાવર બ્રાન્ચ દ્વારા ટી.કે. પારેખ હાઈસ્કૂલને આઠ (૮) સીલીંગ ફેન આપવામાં આવ્યા હતા. અધિકારીઓ દ્વારા એસબીઆઈની વિવિધ સ્કીમો વિશે વિગતે જાણકારી આપવામાં આવેલ હતી. વધુમાં જણાવ્યું કે, બેંક માત્ર આર્થિક સેવાઓ પૂરતી નથી પાડતી પરંતુ સમાજ પ્રત્યે જવાબદારી નિભાવવામાં પણ પોતાનું કર્તવ્ય માને છે. ભવિષ્યમાં વધુ વિસ્તૃત સામાજિક પ્રકલ્પો હાથ ધરવામાં આવશે. શાળાના આચાર્ય આશિષકુમાર એમ. જોશી દ્વારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાના શિક્ષકો ચેતનભાઈ ત્રિવેદી, સંધ્યાબેન જાદવ અને પ્રકાશભાઈ રાઠોડે જહેમત ઉઠાવી હતી. આ સફળ કાર્યક્રમ બદલ શાળાના પ્રમુખ અને ગામના સરપંચ કલ્પેશભાઈ કાનાણીએ શુભેચ્છા પાઠવી હતી.



તસવીર : સૌરભ દોશી

# જાફરાબાદ તાલુકાના ટીબી માર્કેટિંગ યાર્ડમાં ભાજપનું સ્નેહમિલન યોજાયું

જાફરાબાદ,તા.૧૫

જાફરાબાદના ટીંબી માર્કેટિંગ યાર્ડમાં ભારતીય જનતા પાર્ટીનું અભિવાદન સાથે નવા વર્ષના સ્નેહમિલનનું આયોજન કરાયું હતું. આ તકે યાર્ડના વિકાસ કામોની માહિતી ઉપસ્થિત લોકોને આપવામાં આવી હતી. ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ આ યાર્ડમાં વાવાઝોડાથી મોટું નુકસાન થયું હોવાની રજૂઆત સરકારમાં કરી હતી, જેના માટે સરકાર દ્વારા એક કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી. યાર્ડના ચેરમેન ચેતનભાઈ શિયાળ, રાજુલા યાર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ, અમરેલી જિલ્લા કારોબારી ચેરમેન કરસનભાઈ ભીલ, તાલુકા પંચાયત પ્રમુખ બાલાભાઈ કોટડીયા, તાલુકા ભાજપ પ્રમુખ કુલદીપભાઈ વરુ, માર્કેટિંગ યાર્ડના ઉપપ્રમુખ ગૌતમભાઈ વરુ, સેક્રેટરી મનુભાઈ વાંઝા, યોગેશભાઈ બારીયા તેમજ કનુભાઈ શરુ નાગેશ્રી તેમજ જાદવભાઈ સોલંકી તેમજ જાફરાબાદ તાલુકાના તમામ ગામના સરપંચો, ખેડૂતો, આગેવાનો સહિત બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



તસવીર : બાબુ વાઢેળ

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

# અમરેલીમાં ડાયાબિટીસના રોગ અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૧૫

રોટરી ક્લબ ઓફ અમરેલી ગીર અને RSSDIના સહયોગથી ૧૪ નવેમ્બરના રોજ ડાયાબિટીસ અવેરનેસ સેશનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વર્ધમાન બેન્ક્વેટ હોલ, અજરા ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે યોજાયેલા આ સેશનમાં શહેરના નાગરિકો, યુવાનો અને મહિલાઓએ ઉત્સાહભેર હાજરી આપી હતી. કાર્યક્રમના મુખ્ય વક્તા ડો. રાજેશ પરવાડિયા (M.D. Medicine) એ ડાયાબિટીસ વિશે સરળ અને સમજણભરી માહિતી આપી. તેમણે રોગના કારણો, લક્ષણો, નિયંત્રણ અને પ્રિવેન્શન બાબતે પ્રેક્ટિકલ માર્ગદર્શન આપ્યું હતું. ખાસ કરીને રોજિંદા જીવનમાં આહાર, વ્યાયામ અને હેલ્ધી લાઈફસ્ટાઈલ દ્વારા ડાયાબિટીસ પર નિયંત્રણ મેળવી શકાય તે બાબત ઉપર ભાર મૂક્યો. આ ઉપરાંત ડાયાબિટીસની વહેલી તકે ઓળખ, જોખમ ઘટાડવાની રીતો, પરિવાર માટે અપનાવી શકાય તેવી હેલ્થ ટીપ્સ વિશે વિશેષ સમજણ આપી હતી. Rotary Club of Amreli Girના પ્રતિનિધિઓએ જણાવ્યું કે, આવનારા સમયમાં પણ સમાજના હિતના આવા વધુ હેલ્થ અવેરનેસ કાર્યક્રમો યોજાતા રહેશે.



દિપાવલી - નૂતન વર્ષ પર્વના સર્વોને અભિનંદન...
BLUE BUDDHA
END OF SEASON SALE
BUY 1@30% OFF
BUY 3@40% OFF
BUY 4@50% OFF
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર. ૨૩૪/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી જયાબેન સોંડાભાઈ પરમાર
સરનામું :- રહે. રામપરા-૨, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - રામપરા-૨, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના રામપરા-૨ મુકામે ના શ્રી જયાબેન સોંડાભાઈ પરમાર એ તેમના પુત્ર નામે શ્રી હરેશભાઈ સોંડાભાઈ પરમાર નો જન્મ તા.૨૧/૦૬/૨૦૦૪ ના રોજ રાજુલા તાલુકાના રામપરા-૨ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી ડી.ડી. સોલંકી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓક્ટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા. ૩૦/૧૦/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર. ૧૯૯/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી સાદુળભાઈ બાઘાભાઈ રામ
સરનામું :- રહે. ભેરાઈ, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ભેરાઈ
તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ભેરાઈ મુકામેના શ્રી સાદુળભાઈ બાઘાભાઈ રામએ તેમના પિતા નામે સ્વ. બાઘાભાઈ દેસુરભાઈ વાઘ નું મરણ તા.૦૧/૧૦/૨૦૦૪ ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી બી.એમ.વાઘેલા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજૂ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓક્ટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા. ૩૦/૧૦/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર ૨૩૦/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી સુમલભાઈ ભગવાનભાઈ ગુજરીયા
સરનામું :- રહે. ખેરા, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખેરા
તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ખેરા મુકામેના શ્રી સુમલભાઈ ભગવાનભાઈ ગુજરીયાએ તેમના પુત્રી નામે શ્રી વિલાસબેન સુમલભાઈ ગુજરીયા નો જન્મ તા.૨૧/૦૧/૨૦૧૬ ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી બી.એમ.વાઘેલા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજૂ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓક્ટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા. ૩૦/૧૦/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

# સા.કુંડલાના કૃષ્ણગઢમાં રાજ્યપાલના અધ્યક્ષ સ્થાને પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો

અમરેલી,તા.૧૫

રાજ્યમાં પ્રાકૃતિક કૃષિની જ્યોત જગાવી છેવાડાના વિસ્તારો સુધી ખેડૂતોને પ્રેરણા આપવાના મિશન મોડમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ અમરેલી જિલ્લાની બે દિવસીય મુલાકાત લીધી હતી. આ કડીના ભાગરૂપે ગીરકાંઠાના સાવરકુંડલા તાલુકાના કૃષ્ણગઢ ગામે તેમના અધ્યક્ષ સ્થાને પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વતનપ્રેમી ડૉ. સંજય મુજપરા પરિવારના રૂ.૨૫ કરોડના અનુદાનથી વિકસિત થનાર આંતરમાળખાકીય સુવિધાઓનું ખાતમુહૂર્ત અને ભૂમિપૂજન પણ સંપન્ન થયું હતું. આ સુવિધાઓમાં ગટર-ડ્રેનેજ, પીવાના પાણીની લાઈન, RCC રસ્તાઓ, સ્ટ્રીટ લાઈટ, આધુનિક પ્રાથમિક શાળાનું નવું ભવન, સામાજિક કાર્યક્રમો માટેનું બિલ્ડિંગ પટેલ વાડી, ખોડિયાર માતાજીના નવા મંદિરનું નવનિર્માણ, CCTV કેમેરા, પ્રાકૃતિક ખેતી માટે માર્ગદર્શન કેન્દ્ર, ગામના પ્રવેશદ્વાર અને નવું ગ્રામ પંચાયત ભવન તેમજ અંતિમવિધિ ધામનો સમાવેશ થાય છે.





રાજ્યપાલે ગ્રામજનોને રાસાયણિક ખાતરો અને જંતુનાશકો ત્યજીને દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવાનું આહ્વાન કર્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, રાસાયણિક ખાતરોના કારણે જમીન બિનઉપજાઉ બની રહી છે, જ્યારે પ્રાકૃતિક ખેતીમાં જીવામૃત, ઘનજીવામૃત અને અળસિયા જમીનની ફળદ્રુપતા અને પાણી શોષવાની ક્ષમતા વધારે છે. પ્રથમ વર્ષથી જ રાસાયણિક ખેતી જેટલું ઉત્પાદન મેળવી શકાય છે. તેમણે ઉમેર્યું કે, રાસાયણિક ખાતરોથી થતા અનાજ અને શાકભાજીના કારણે કેન્સર અને ડાયાબિટીસ જેવી ગંભીર બીમારીઓનું જોખમ વધી રહ્યું છે. પ્રાકૃતિક ખેતી આગામી પેઢીને શુદ્ધ હવા, પાણી અને ખોરાક પૂરો પાડવા માટે અનિવાર્ય છે. તેમણે દેશી ગાયની ઉચ્ચકોટીની ઓલાદના સંવર્ધન માટે રાજ્ય સરકારના પ્રયાસોની પણ માહિતી આપી હતી.

## ‘મારી સામે કેમ મોટરસાયકલ આવવા દીધું’ કહી ચાકુ વડે ચરકો કર્યો

બગસરા, તા.૧૫

બગસરા ટાઉનમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. ‘મારી સામે કેમ મોટરસાયકલ આવવા દીધું’ તેમ કહી ચાકુ વડે ચરકો કર્યો હતો. આ ઉપરાંત ફોન પણ તોડી નાખ્યો હતો. જલદિપભાઈ શૈલેષભાઈ ધાંધીયા (ઉ.વ.૨૦) એ અવેશ રહિમભાઈ ખોખર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ તથા સાહેદ તેમનું મોટરસાયકલ લઈને જતા હતા ત્યારે આરોપીએ મોટરસાયકલ રોકાવી તેમને કહેલ કે ‘મારી સામે કેમ મોટરસાયકલ આવવા દીધું છે.’ આમ કહી તેમને જેમ ફાવે ગાળો દેવા લાગ્યા હતા. જેથી આરોપીને ગાળો દેવાની ના પાડતા ઉશ્કેરાઈને કાંઠલો પકડી તેના હાથમાં રહેલ ચાકુ વડે માથામાં ડાબા કાનની ઉપર ચાકુ મારી ચરકો કરી ઈજા કરી હતી. તેમજ ઝપાઝપી દરમિયાન મોબાઈલ ફોન તોડી નાખી રૂ.૧૧,૦૦૦નું નુકસાન કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના આઈ. જે. ગીડા વધુ તપાસ કરી રહ્યા છે.

## અમરેલી ગજેરા કેમ્પસના ખેલાડીઓએ રાજ્યકક્ષાની સ્વિમિંગ સ્પર્ધામાં કાંસ્ય પદક મેળવી ગૌરવ વધાર્યું

અમરેલી,તા.૧૫

રાજકોટના સરદાર પટેલ સ્વિમિંગ પુલ ખાતે ૩૧ ઓક્ટોબરથી ૧ નવેમ્બર દરમિયાન U-૧૪, U-૧૭ ભાઈઓ અને બહેનોની રાજ્ય કક્ષા સ્વિમિંગ ટુર્નામેન્ટનું આયોજન થયું હતું. જેમાં રાજયભરમાંથી મોટી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં અમરેલી જિલ્લામાંથી શાંતાબેન હરિભાઈ ગજેરા



કેમ્પસ વિદ્યાસભા સ્પોર્ટ્સ સ્કૂલ(DLSS)ના ખેલાડીઓએ ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન સાથે કાંસ્ય પદક પ્રાપ્ત કર્યા હતા. જેમાં (૧) ધરજીયા કલ્પેશ ૨૦૦ મી. ફ્રી સ્ટાઈલ અને ૧૦૦ m બેક સ્ટ્રોક, (૨) શેખ પુજા ૨૦૦ મી. બેક સ્ટ્રોક (૩) વાળા અર્ચના ૫૦ મી. ફ્રી સ્ટાઈલ અને ૧૦૦ મી. ફ્રી સ્ટાઈલ તેમજ ૫૦ મી. બેક સ્ટ્રોકમાં મેડલ મેળવી સિદ્ધિ પ્રાપ્ત કરી શાળા અને જિલ્લાનું નામ રાજ્યકક્ષાએ રોશન કરેલ છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓ, કોચ પ્રીતમ પટેલ, ટ્રેનર દીપેન ધૂતને અભિનંદન પાઠવ્યા હતા.

## સાવરકુંડલાના પીઠવડીથી સેંજળ ગામની વચ્ચે અકસ્માતમાં એકનું મોત

સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલાના પીઠવડીથી સેંજળ ગામ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એકનું મોત થયું હતું. બનાવ અંગે મહુવાના કુંભણ ગામે રહેતા ધીરૂભાઈ નકાભાઈ આકોળીયા (ઉ.વ.૪૮) એ ફોરવ્હીલ ગાડી નં. જીજે-૦૫-આરઈ-૩૭૧૩ ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમનો દીકરો મરણજનાર કેતનભાઈ ધીરૂભાઈ આકોળીયા તથા તેમનો ભાણો સાહેદ જનકભાઈ મોટરસાયકલ લઈને મોટા ઝીંઝુડાથી સેંજળ તરફ જતા હતા તે દરમ્યાન પીઠવડીથી સેંજળ ગામ વચ્ચે પહોંચતા સામેથી આવતી ફોરવ્હીલ ગાડી રજી નં. જીજે-૦૫-આરઈ-૩૭૧૩ ના ચાલકે પોતાના હવાલાવાળી ફોરવ્હીલ પૂરઝડપે ચલાવી આવીને ટક્કર મારી હતી. જેમાં તેમના દીકરાને માથાના ભાગે તથા દાઢીના ભાગે ગંભીર ઈજાઓ થવાથી મોત થયું હતું. જ્યારે સાહેદ જનકભાઈ મુકેશભાઈને મોઢાના ભાગે ઈજા કરી ચાલક નાસી ગયો હતો. વંડા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ પી.જે. રામાણી વધુ તપાસ કરી રહ્યા છે.

## સરકારી બોલેરો અને પિકઅપ વાન વચ્ચે અકસ્માત, ગાયને બચાવવા જતાં ઘટના બની!

જાફરાબાદ, તા. ૧૫

જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગત રાત્રે નાઈટ રાઉન્ડ દરમિયાન સરકારી બોલેરો (રજી. નં. GJ-૧૪-GA-૨૫૧૦) અને એક બોલેરો પિકઅપ વાન (રજી. નં. GJ-૧૪-Z-૩૧૨૯) વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ સરકારી વાહનને આશરે રૂ.૧૫,૦૦૦/-નું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગત તા. ૧૨/૧૧/૨૦૨૫ ના રોજ રાત્રે ૨૩:૦૦ કલાકે સરકારી બોલેરો (P-૧૧૫) નાઈટ રાઉન્ડ માટે રવાના થઈ હતી. તા.૧૩/૧૧/૨૦૨૫ ના વહેલી સવારે આશરે ૦૧:૧૫ કલાકના અરસામાં, પોલીસ બોલેરો મિતીયાળા ગામ તરફથી જાફરાબાદ તરફ આવી રહી હતી.

તિરુપતિ ફિશ મિલ પાસે પહોંચતા જ રોડની ડાબી બાજુથી અચાનક એક ગાય દોડીને રોડ ઉપર આવી ગઈ હતી. ગાયને બચાવવાના પ્રયાસમાં ડ્રાઈવરે સ્ટિયરિંગ ફેરવતાં, સરકારી બોલેરો (P-૧૧૫) આગળ ચાલી રહેલી બોલેરો પિકઅપ ગાડી (GJ-૧૪-Z-૩૧૨૯) સાથે અચાનક અથડાઈ ગઈ હતી. આ અકસ્માતમાં સરકારી બોલેરો (P-૧૧૫) ના આગળના ભાગે બોનેટ વળી ગયું હતું અને અન્ય એસેસરીઝ તૂટી ગઈ હતી. અંદાજે રૂ.૧૫,૦૦૦/- ની કિંમતનું નુકસાન થયું હોવાનું નોંધવામાં આવ્યું છે.

## અમરેલીના મેડી ગામે ‘અમારા વિરુદ્ધ કેમ પોલીસ ફરિયાદ કરી’ કહી ધમકી આપી

અમરેલી, તા.૧૫

અમરેલીના મેડી ગામે ‘અમારા વિરુદ્ધ કેમ પોલીસ ફરિયાદ કરી’ તેમ કહી ધમકી આપવામાં આવી હતી. બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. નરેશભાઈ દેવરાજભાઈ સખરેલીયા (ઉ.વ.૫૨)એ ધર્મેન્દ્રસિંહ અજીતસિંહ સોલંકી તથા અજીતસિંહ કેસરસિંહ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ સવારના સાતેક વાગ્યે પોતાના ઘરેથી નીકળી સાહેદ પ્રકાશભાઈના ઘર પાસે મજૂર કરવા માટે નીકળ્યા હતા. તે દરમિયાન બંને આરોપીઓ તેમની પાસે આવી જેમફાવે તેમ ગાળો બોલી કહેવા લાગેલ કે ‘અમારા વિરુદ્ધ તમોએ શા માટે પોલીસ ફરિયાદ કરી છે.’ ઉપરાંત ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો અને બંને આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ અજીતસિંહ કેસરસિંહ સોલંકી (ઉ.વ.૬૫)એ નરેશભાઈ દેવરાજભાઈ સખરેલીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને આરોપી પાસે પૈસા લેવાના હતા. જે બાબતે કોર્ટમાં દાવો કર્યો હતો. જેનું મનદુઃખ રાખી તેમને ‘તે પોલીસ ફરિયાદ કરીને કાંઈ કાઢી લીધું’ તેમ કહી જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૨૫ | ૧૫૨૦ |
| ઘઉં લોકવન | ૫૧૭ | ૫૪૪ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૫૬ |
| જુવાર સફેદ | ૮૯૦ | ૯૮૦ |
| જુવાર પીળી | ૪૨૫ | ૫૦૫ |
| બાજરી | ૨૦૦ | ૪૩૩ |
| મકાઇ | ૨૮૦ | ૩૭૦ |
| તુવેર | ૧૦૯૦ | ૧૩૪૦ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૧૦૯ |
| ચણા સફેદ | ૧૨૧૧ | ૧૮૧૫ |
| અડદ | ૯૯૦ | ૧૪૦૪ |
| મગ | ૧૨૫૦ | ૧૭૩૫ |
| વાલ દેશી | ૮૨૦ | ૧૦૨૦ |
| ચોળી | ૯૪૧ | ૧૨૭૫ |
| મઠ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૯૫૦ | ૨૩૧૦ |
| કળથી | ૩૫૦ | ૭૨૫ |
| રાજમા | ૯૦૦ | ૧૫૯૫ |
| મગફળી જાડી | ૯૩૦ | ૧૩૪૦ |
| મગફળી જીણી | ૧૦૪૦ | ૧૩૨૦ |
| તલી | ૧૯૭૫ | ૨૨૫૦ |
| એરંડા | ૧૨૪૫ | ૧૩૦૯ |
| અજમો | ૧૧૮૦ | ૨૩૫૦ |
| સુવા | ૧૦૨૫ | ૧૧૭૦ |
| સોયાબીન | ૮૬૦ | ૯૩૦ |
| સીંગફાડા | ૯૫૦ | ૧૪૧૧ |
| કાળા તલ | ૩૪૫૦ | ૫૧૪૫ |
| લસણ | ૫૮૦ | ૧૦૮૫ |
| ધાણા | ૧૩૪૦ | ૧૫૫૪ |
| મરચા સુકા | ૧૧૫૦ | ૩૭૦૦ |
| ધાણી | ૧૩૪૪ | ૧૬૦૬ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૫૨૫ |
| જીરૂ | ૩૪૬૦ | ૩૯૨૫ |
| રાય | ૧૩૫૦ | ૧૮૩૦ |
| મેથી | ૧૦૮૦ | ૧૨૭૦ |
| ઇસબગુલ | ૧૦૩૧ | ૧૬૦૦ |
| અશેરીયો | ૧૦૫૦ | ૧૧૭૦ |
| રાયડો | ૧૨૯૦ | ૧૩૪૦ |
| રજકાનું બી | ૫૦૦૦ | ૮૧૬૦ |
| ગુવારનું બી | ૮૦૦ | ૮૫૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| લીંબુ | ૪૦૩ | ૮૧૯ |
| પપૈયા | ૭૭ | ૯૮ |
| બટેટા | ૨૦૫ | ૫૫૧ |
| ડુંગળી સુકી | ૪૫ | ૨૦૫ |
| ટમેટા | ૫૪૬ | ૮૩૭ |
| સુરણ | ૮૨૭ | ૧૦૧૯ |
| કોથમરી | ૧૧૯૮ | ૧૪૦૭ |
| મુળા | ૨૨૭ | ૩૭૪ |
| રીંગણા | ૧૦૧૧ | ૧૯૧૩ |
| કોબીજ | ૧૮૨ | ૩૪૨ |
| ફ્લાવર | ૩૦૯ | ૭૦૪ |
| ભીંડો | ૬૦૫ | ૧૨૦૮ |
| ગુવાર | ૧૦૧૪ | ૧૮૧૬ |
| ચોળાસીંગ | ૭૦૬ | ૧૪૧૯ |
| વાલોળ | ૪૦૩ | ૧૫૧૪ |
| ટીંડોરા | ૯૨૨ | ૧૬૧૭ |
| દુધી | ૧૮૩ | ૫૦૪ |
| કારેલા | ૬૧૩ | ૮૧૯ |
| સરગવો | ૯૧૭ | ૧૮૨૧ |
| તુરીયા | ૧૦૦૮ | ૧૪૧૯ |
| પરવર | ૧૧૯૭ | ૧૪૧૧ |
| કાકડી | ૮૦૪ | ૧૦૧૨ |
| ગાજર | ૬૧૭ | ૮૨૧ |
| વટાણા | ૩૦૧૬ | ૪૦૧૯ |
| ગલકા | ૫૦૩ | ૧૦૨૪ |
| બીટ | ૩૧૩ | ૫૦૯ |
| મેથી | ૬૧૭ | ૮૨૪ |
| વાલ | ૧૨૧૩ | ૧૬૧૮ |
| ડુંગળી લીલી | ૪૧૦ | ૬૧૪ |
| આદુ | ૧૧૩૪ | ૧૪૨૩ |
| ચણા લીલા | ૧૯૧ | ૬૯૭ |
| મરચા લીલા | ૨૨૭ | ૭૧૮ |
| હળદર લીલી | ૫૩૪ | ૭૦૩ |
| લસણ લીલું | ૨૧૮૪ | ૨૫૯૬ |
| મકાઇ લીલી | ૨૬૬ | ૪૦૭ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૫૧ | ૧૪૮૧ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૦૮ |
| મગફળી જીણી | ૯૭૫ | ૧૨૭૬ |
| સિંગદાણા જાડા | ૧૧૫૦ | ૧૩૯૧ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૨૯૧ |
| એરંડા / એરંડી | ૧૦૫૬ | ૧૩૩૧ |
| તલ કાળા | ૧૪૫૧ | ૫૩૫૧ |
| જીરૂ | ૨૮૦૦ | ૩૯૫૧ |
| વરીયાળી | ૫૬૧ | ૧૦૨૬ |
| ધાણા | ૯૦૦ | ૧૬૪૧ |
| લસણ સુકું | ૫૦૧ | ૧૦૫૧ |
| ડુંગળી લાલ | ૬૦ | ૨૪૧ |
| અડદ | ૭૦૧ | ૧૩૦૧ |
| મઠ | ૮૨૧ | ૮૨૧ |
| તુવેર | ૮૦૧ | ૧૩૩૧ |
| રાય | ૧૬૮૧ | ૧૭૫૧ |
| મેથી | ૭૦૧ | ૧૨૩૧ |
| કાંગ | ૨૫૧ | ૬૨૧ |
| મરચા | ૬૦૧ | ૪૧૫૧ |
| મગફળી જાડી | ૮૫૧ | ૧૩૫૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૮૫૧ |
| મગફળી ૬૬ | ૯૪૧ | ૧૩૫૧ |
| તલ - તલી | ૧૨૦૧ | ૨૩૫૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૭૦૬ |
| ડુંગળી સફેદ | ૭૧ | ૨૨૬ |
| બાજરો | ૩૬૧ | ૪૦૧ |
| જુવાર | ૫૪૧ | ૧૦૩૧ |
| મકાઇ | ૩૪૧ | ૫૦૧ |
| મગ | ૭૫૧ | ૧૭૪૧ |
| ચણા | ૯૫૦ | ૧૧૧૧ |
| વાલ | ૪૦૧ | ૧૧૦૧ |
| વાલ પાપડી | ૧૮૧૧ | ૧૮૧૧ |
| ચોળા / ચોળી | ૫૭૬ | ૧૦૨૬ |
| સોયાબીન | ૭૩૧ | ૧૦૫૬ |
| અજમાં | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ગોગળી | ૭૦૦ | ૯૫૧ |
| વટાણા | ૬૧૧ | ૧૬૭૬ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૪૦૦ | ૯૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૫૮૦ | ૨૪૦૦ |
| કોબી | ૧૦૦ | ૩૦૦ |
| દુધી | ૨૦૦ | ૮૦૦ |
| ફ્લાવર | ૮૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૫૦૦ | ૧૮૦૦ |
| ભીંડો | ૧૮૦ | ૧૨૦૦ |
| ગલકા | ૫૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૫૦૦ | ૧૦૦૦ |
| ટિંડોરા | ૩૮૦ | ૧૦૦૦ |
| તુવેર | ૫૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૪૮૦ | ૧૭૦૦ |
| વટાણા | ૨૬૦૦ | ૫૦૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૮૦૦ |
| કેરી કાચી | ૧૬૦૦ | ૨૦૦૦ |
| બટેટા | ૩૫૦ | ૪૬૦ |
| આંબળા | ૪૦૦ | ૫૦૦ |
| લીલી હળદર | ૬૦૦ | ૯૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૮ | ૧૦ |
| કોથમીર પુરા | ૨ | ૭ |
| મૂળા પુરા | ૪ | ૮ |
| શેરડી | ૧૦૦ | ૧૨૦ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ચૂરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| અલાવિપન | ૫ | ૧૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૫૦૦ | ૧૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૨ | ૮ |
| બીટ પુરા | ૫ | ૧૫ |
| ચોળા | ૪૦૦ | ૧૪૦૦ |
| કારેલા | ૫૦૦ | ૧૨૦૦ |
| વાલોર | ૫૦૦ | ૧૪૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૫૦૦ | ૧૩૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૫ | ૧૫ |
| પાલક પુરા | ૩ | ૮ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૬૨૫ | ૧૧૯૨ |
| શિંગ ૬૬ | ૧૧૫૫ | ૧૧૫૫ |
| ગીરનારી શિંગ | ૮૯૦ | ૧૨૨૦ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૨૯૬ |
| શિંગ દાણા | ૯૮૦ | ૧૧૪૦ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૩૦૧૦ |
| તલ કાળા | ૨૫૭૫ | ૫૫૫૫ |
| તલ કાશ્મીરી | ૧૩૮૦ | ૨૨૪૦ |
| બાજરો | ૩૦૦ | ૪૪૬ |
| જુવાર | ૪૬૦ | ૯૮૧ |
| ઘઉં ટુકડા | ૪૫૨ | ૫૮૦ |
| ઘઉં લોકવન | ૫૦૮ | ૬૦૦ |
| અડદ | ૯૧૦ | ૧૪૫૦ |
| ચણા | ૯૨૫ | ૧૦૯૫ |
| સફેદ ચણા | ૯૯૧ | ૧૦૮૦ |
| છોલે ચણા | ૧૭૨૦ | ૧૭૨૦ |
| તુવેર | ૧૨૦૬ | ૧૨૫૦ |
| કપાસ | ૧૦૬૨ | ૧૫૯૨ |
| એરંડા | ૧૧૨૫ | ૧૩૦૬ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૭૦૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૨૫ |
| મેથી | ૬૪૫ | ૯૪૧ |
| સોયાબીન | ૭૫૦ | ૯૦૬ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૩૫૦ | ૪૪૦ |
| રીંગણા | ૮૦૦ | ૧૬૪૦ |
| ફ્લાવર | ૬૪૦ | ૮૫૦ |
| કોબીઝ | ૨૦૦ | ૩૦૦ |
| શક્કરીયા | ૬૨૦ | ૮૫૦ |
| ટમેટાં | ૮૫૦ | ૯૫૦ |
| સુરણ | ૬૪૦ | ૭૫૦ |
| ગાજર | ૬૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૬૦૦ | ૮૦૦ |
| કારેલા | ૮૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૬૪૦ | ૧૦૫૦ |
| મુળા | ૧૮૦ | ૩૪૦ |
| કાકડી | ૫૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૮૨૦ | ૧૬૫૦ |
| વાલોળ | ૧૧૮૦ | ૧૩૨૦ |
| વટાણા | ૨૦૦૦ | ૩૦૦૦ |
| ચોળા લીલાં | ૮૦૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| આમળા | ૬૦૦ | ૮૪૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ભીડો | ૬૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૬૪૦ | ૧૦૦૦ |
| આદુ | ૯૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૧૦૦૦ |
| ફોદીનો | ૯૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| સરગવો | ૧૬૫૦ | ૨૧૦૦ |
| લીમડો મીઠો | ૨૯૦ | ૩૧૦ |
| મરચાં લીલા | ૪૦૦ | ૮૦૦ |
| મરચાં લાલ | ૩૨૦ | ૮૪૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૪૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૮૦ |
| લસણ લીલુ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૧૧૪૦ |
| લીંબુ | ૩૨૦ | ૫૦૦ |
| મકાઈ | ૩૨૦ | ૫૦૦ |
| પાલક | ૭૦૦ | ૮૦૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૮૫૦ | ૧૧૫૧ |
| શીંગ મોટી | ૯૦૦ | ૧૩૧૧ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૩૧૪ |
| તલ કાળા | ૪૩૦૦ | ૫૩૬૫ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૮૦૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૩૮ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૭૬ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૨૨ |
| બાજરો | ૩૦૦ | ૧૦૮૩ |
| જુવાર | ૯૦૦ | ૧૦૮૩ |
| અડદ | ૭૪૧ | ૧૧૦૩ |
| ચણા | ૮૫૧ | ૧૧૩૦ |
| તુવેર | ૯૭૦ | - |
| ધાણા | ૧૧૦૧ | - |
| સોયાબીન | ૭૮૮ | ૯૩૬ |

### લીલીયા મોટા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૫૬ | ૧૫૦૯ |
| એરંડા | ૧૧૮૩ | ૧૧૮૩ |

### ધારી

| | | |
|---|---|---|
| કપાસ એ | ૧૨૦૧ | ૧૫૦૦ |
| કપાસ કોડી | ૮૧૦ | ૧૧૫૧ |
| મગફળી | ૮૪૬ | ૧૨૪૦ |
| ઘઉં | ૪૮૫ | ૫૨૮ |
| ચણા | ૧૦૯૬ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૯૮૧ | ૨૦૦૦ |
| ધાણા | ૧૪૦૦ | ૧૪૦૧ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૩૩૦ | ૧૫૫૫ |
| કપાસ મીડીયમ | ૯૫૦ | ૧૨૬૦ |
| મગફળી | ૯૬૯ | ૧૩૧૧ |
| તલ સફેદ | ૧૬૮૫ | ૨૧૧૫ |
| તલ કાળા | ૩૨૨૦ | ૪૯૧૦ |
| જીરૂ | ૩૨૮૦ | ૩૮૭૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| ચણા | ૯૫૫ | ૧૨૦૫ |
| અડદ | ૯૬૦ | ૧૨૧૦ |
| મગ | ૧૨૪૦ | ૧૪૭૦ |
| સોયાબીન | ૭૮૬ | ૮૮૪ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૫૧૭ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૨૮ |
| ચણા | ૯૦૫ | ૧૦૯૫ |
| ચણા સફેદ | ૭૯૦ | ૮૦૦ |
| અડદ | ૯૧૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૩૦૫ | ૧૫૨૫ |
| સોયાબીન | ૭૯૫ | ૯૧૭ |
| તલ સફેદ | ૧૬૪૦ | ૨૧૬૦ |
| તલ કાળા | ૨૧૦૦ | ૩૩૫૦ |
| શીંગ ફાડા | ૧૧૦૦ | ૧૧૭૦ |
| મગફળી | ૮૧૧ | ૧૧૬૧ |

### ખાંભા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૧૧ | ૧૫૧૫ |
| કપાસ કોડી | ૯૯૦ | ૧૨૩૫ |
| મગફળી | ૬૮૦ | ૧૩૧૫ |
| જુવાર સફેદ | ૮૫૧ | ૧૦૬૦ |
| એરંડા | ૧૧૬૧ | ૧૧૬૧ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૪૫૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૯૦૧ | ૨૪૦૦ |
| તલ કાળા | ૩૬૫૦ | ૨૪૦૦ |
| કપાસ | ૮૦૦ | ૧૫૧૧ |
| બાજરો | ૩૫૧ | ૬૭૨ |
| ઘઉં ટુકડા | ૪૮૨ | ૫૯૦ |
| જુવાર | ૭૫૧ | ૧૧૫૧ |
| મગ | ૬૫૦ | ૬૫૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૬૮૧ | ૮૮૧ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ૩૨ | ૮૨૧ | ૧૨૦૫ |
| શીંગ ૩૯ | ૮૦૧ | ૧૨૮૦ |
| શીંગ ગીરનારી | ૮૫૧ | ૧૨૬૧ |
| શીંગ જી-૨૦ | ૮૭૬ | ૧૩૦૫ |
| જુવાર | ૩૦૦ | ૭૫૧ |
| બાજરી | ૩૧૨ | ૬૨૫ |
| ઘઉં ટુકડા | ૩૨૬ | ૬૭૨ |
| અડદ | ૭૧૧ | ૧૪૧૬ |
| ચોળી | ૬૯૦ | ૬૯૦ |
| સોયાબીન | ૮૩૧ | ૮૯૮ |
| ચણા | ૯૭૬ | ૯૭૬ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૧૬૭ |
| તલ કાળા | ૪૨૦૦ | ૪૫૪૫ |
| રાય | ૯૦૦ | ૯૦૦ |
| જીરૂ | ૩૬૦૦ | ૩૬૦૦ |
| ડુંગળી લાલ | ૭૫ | ૨૩૪ |
| ડુંગળી સફેદ | ૧૩૩ | ૩૬૧ |
| કપાસ શંકર | ૬૨૨ | ૧૫૦૧ |

### જામનગર

| | | |
|---|---|---|
| બાજરો | ૨૧૫ | ૪૮૫ |
| ઘઉં | ૪૫૦ | ૫૫૪ |
| અડદ | ૯૦૦ | ૧૩૫૦ |
| ચોળી | ૩૦૦ | ૬૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૫૦૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૯૯ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૬૫૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૨૫૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૧૬૦ |
| મગફળી ૬૬ | ૯૦૦ | ૧૨૮૫ |
| મગફળી ૯ | ૧૦૦૦ | ૧૭૬૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| તલ | ૧૨૦૦ | ૨૪૨૦ |
| લસણ | ૫૫૦ | ૧૨૪૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૧૫ |
| જીરૂ | ૩૩૦૦ | ૪૦૫૫ |
| અજમો | ૧૨૦૦ | ૩૩૦૦ |
| અજમાની ભુકી | ૩૦ | ૧૭૨૦ |
| ધાણા | ૧૪૬૫ | ૧૫૨૦ |
| મરચાં | ૪૦૦ | ૧૧૭૫ |
| ડુંગળી સુકી | ૩૦ | ૧૧૫ |
| સોયાબીન | ૭૦૦ | ૯૧૦ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૧ | ૧૫૯૧ |
| ઘઉં | ૪૫૦ | ૫૩૫ |
| જુવાર | ૫૦૦ | ૭૫૦ |
| મગ | ૬૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૮૦ |
| અડદ | ૬૦૦ | ૧૧૫૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મગફળી | ૭૦૧ | ૧૩૨૧ |
| શીંગ ફાડા | ૧૦૦૦ | ૧૧૫૦ |
| તલ | ૧૮૦૦ | ૨૨૭૦ |
| મેથી | ૬૦૦ | ૮૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૬૦૧ |
| લસણ | ૧૦૦ | ૫૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૯૧૬ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| કપાસ (ડોળાસા) | ૧૧૫૦ | ૧૪૯૦ |
| મગફળી જી-૨૦ | ૯૧૧ | ૧૩૭૦ |
| મગફળી ૩૨ | ૮૧૧ | ૧૨૦૨ |
| બાજરો | ૪૦૦ | ૫૫૬ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૫૬ |
| જુવાર | ૭૫૦ | ૯૧૧ |
| અડદ | ૬૫૦ | ૧૫૦૨ |
| ચણા | ૯૫૦ | ૧૧૪૬ |
| તલ | ૧૩૫૦ | ૨૨૯૦ |
| કાળા તલ | ૩૪૦૦ | ૪૯૪૫ |
| સોયાબીન | ૭૪૦ | ૯૨૫ |

# ઈસ રાત કી સુબહ નહીં?!

વિચાર વલોણું



જયવંત પંડ્યા



દિલ્લીમાં અતિ સુરક્ષિત લાલ કિલ્લા પાસે બૉમ્બ ધડાકો થયો. તેના તાર ફરીદાબાદ અને લખનઉની સાથે- ડૉક્ટરો સાથે જોડાયેલા છે. અન્યાય, નિરક્ષરતા, નિર્ધનતાના કારણે મુસ્લિમો ત્રાસવાદી બને છે તેવા લૂલા બચાવને ફરી આ કેસમાં સંડોવાયેલા ડૉક્ટર મુસ્લિમોએ જ તોડી પાડ્યો. મોદી સરકાર આવ્યા પછી કાશ્મીર બહાર ત્રાસવાદી આક્રમણ નહોતા થયાં, આ બૉમ્બ ધડાકાએ કલંક લગાવી દીધું. પહેલગામ ત્રાસવાદી આક્રમણ પછી મોદી સરકારે નવી નીતિ ઘડેલી કે કોઈ પણ ત્રાસવાદી આક્રમણને યુદ્ધનું કૃત્ય ગણવામાં આવશે, શું દિલ્લીના બૉમ્બ ધડાકાને ગણવામાં આવશે? શું પાકિસ્તાન સામે ફરી ઑપરેશન સિંદૂર થશે?

ગુજરાતમાંથી પકડાયેલા ત્રણ ત્રાસવાદીઓ 'રાઈસિન' ઝેરથી મોટી પ્રાણહાનિ કરવાના હતા તો ફરીદાબાદમાં હજારો કિલો વિસ્ફોટક સામગ્રીથી મોટો વિનાશ સર્જવાની તૈયારી હતી. આ બધી ઘટનાઓ પરથી કહી શકાય કે દિલ્લીનો બૉમ્બ ધડાકો એ શૂળીનો ઘા સોઈથી ટળ્યો છે.

આ ઘટનાઓથી કેટલાક પ્રશ્નો ફરી ઉપસ્થિત થયા છે જે મીર કાસીમે ભારત પર આક્રમણ કર્યું ત્યારથી શાશ્વત છે.

૧. સ્વતંત્રતાનાં ૭૮ વર્ષેય ભાઈચારા, હિન્દુ-મુસ્લિમ એકતાના ગાન પછી શું મુસ્લિમોમાં રહેલી હિન્દુઓ પ્રત્યેની ઘૃણા ઓછી થઈ શકી છે ખરી? માત્ર હિન્દુઓને જ ભાઈચારાનો પાઠ ક્યાં સુધી ભણાવાશે?

૨. મુસ્લિમોમાં સમગ્ર ભારતમાં ઈસ્લામનું શાસન હોય તેવી પ્રબળ ઈચ્છા દૂર થઈ છે ખરી?

૩. સમગ્ર ભારતમાં શરિયતનું શાસન હોય તેવી પ્રબળ ઈચ્છા દૂર થઈ છે ખરી?

૪. મુસ્લિમો દર શુક્રવારે જુમાની નમાજ પઢવા ભેગા થાય છે. જ્યારે કોઈ સળગતો મુદ્દો હોય (અથવા સળગાવવામાં આવ્યો હોય) ત્યારે આ જુમાની નમાજ પછી ટોળું હિંસક બને છે. આવું કેમ?

૫. ફિલ્મોમાં વિલનના વિસ્તારમાં કોઈ જઈ શકતું નથી. જાય તો તેની તપાસ કરવામાં આવે છે. પોલીસને જવું હોય તો ટોળું ઘેરી લે છે. ત્યાં વિલનનો પોતાનો જ કાયદો ચાલતો હોય છે. વિલન બધા દુકાનદારો પાસેથી હપ્તા ઉઘરાવતો હોય છે. વિલન ઈચ્છે તે છોકરીને તેના સાગરિતો ઉપાડી લાવે અને શય્યા સુખ માણે. તે છોકરીને પછી તેના સાથીઓને આપી દેવામાં આવે. વિલન પોલીસની ફૂટેલી કારતૂસોને પૈસા વેરતો હોય, તેથી પોલીસ પણ તેની બાતમીદાર બની જાય.

આ વિસ્તારોમાં ડ્રગ્સથી માંડીને ચોરી-લૂટફાટ-વેશ્યાઓની દલાલી-અપહરણ-હત્યા-બળાત્કાર બધા અવૈધ ધંધા ચાલતા હોય છે.

શું આ બાબત મુસ્લિમોના વિસ્તારો માટે સત્ય નથી? શું પોલીસ કે કોઈ સામાન્ય નાગરિક જે રીતે બીજા બધા વિસ્તારોમાં આરામથી ફરી શકે છે, તે રીતે, મુસ્લિમોના વિસ્તારોમાં આરામથી ફરી શકે છે? એક સામાન્ય ઉદાહરણ જ આપું. અમદાવાદમાં હિન્દુ બહુલ જનસંખ્યાના વિસ્તારમાં ટ્રાફિકના નિયમોનું કડક પાલન કરાવાય છે, ટૉઈંગ વાન આડેધડ પાર્ક કરાયેલાં વાહનોને ઉઠાવી લઈ જાય છે, તે રીતે શું મુસ્લિમોના વિસ્તારમાં ટૉઈંગ વાન આવું કામ કરી શકે? આ તો બહુ સામાન્ય અને નાનું ઉદાહરણ થયું. શું મુસ્લિમો લવજિહાદ નથી કરતા? લેન્ડજિહાદ નથી કરતા?

૬. જેમ વિલનના વિસ્તારોમાં તેનો કાયદો ચાલે છે તેમ આ દેશમાં મુસ્લિમોનો પણ પોતાનો કાયદો ચાલે છે. પર્સનલ લૉ. તેની વાત અગાઉ આ કૉલમમાં આપણે કરી ચૂક્યા છીએ તેથી પુનરાવર્તિત નથી કરવી.

૭. મુસ્લિમો કોઈ પણ સંપત્તિને વક્ફ અધિનિયમ હેઠળ વક્ફ સંપત્તિ જાહેર કરી શકે છે, પછી તે સંસદ હોય કે સેનાની ભૂમિ. તેલંગાણામાં કૉંગ્રેસ સરકારે શૈખપેટ ખાતે ૨,૫૦૦ ચોરસ યાર્ડની સેનાની ભૂમિ વક્ફ બૉર્ડને મુસ્લિમ કબ્રસ્તાન બનાવવા માટે આપી દીધી ! તેણે જ્યુબિલી હિલ્સ પેટાચૂંટણીમાં મુસ્લિમોના મત મેળવવા આવું કર્યું. સૈનિકોએ ત્યાં જઈ બાંધકામ અટકાવી દીધું. વક્ફ બૉર્ડના દુરુપયોગ વિરુદ્ધ કાયદો લવાયો તો તે કાયદાની કેટલીક જોગવાઈઓ સર્વોચ્ચ ન્યાયાલયે અટકાવી દીધી. તે પહેલાં પ. બંગાળમાં મુર્શિદાબાદમાં વક્ફ કાયદાના વિરોધમાં હિંસા થઈ હતી જેમાં હિન્દુઓને લક્ષ્ય બનાવાયા હતા. ગાંધીજીએ આખું જીવન હિન્દુ-મુસ્લિમ ભાઈ-ભાઈ કર્યું પરંતુ મુસ્લિમોએ ગાંધીચીંધ્યા માર્ગે ઉપવાસ-ધરણા-પ્રદર્શન કર્યા હોય તેનું ઉદાહરણ બતાવો. કોઈ શાહીનબાગમાં ધરણાની વાત કરશે તો તેમાંય ૧૯ જાન્યુઆરી ૧૯૯૦નો દિવસ ઉજવવામાં આવ્યો હતો અને ચિકનનેકથી ભારતના ટુકડા કરવાની વાત થઈ હતી.

૮. સડક પર ખુલ્લામાં નમાજ પઢવાનું ચલણ સમગ્ર વિશ્વમાં વધી રહ્યું છે. આ પ્રાર્થના નથી, આ શક્તિપ્રદર્શન છે, ડરાવવાની વાત છે. તાજેતરમાં બેંગ્લુરુમાં કેમ્પેગોવડા વિમાન મથકની અંદર મુસ્લિમોએ નમાજ પઢી. વિમાન મથક અતિ સુરક્ષિત જગ્યા છે. ત્યાં આવું કરવાની અનુમતિ કેમ અપાઈ? આવા કિસ્સાઓ કર્ણાટક પૂરતા સીમિત નથી, તે ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના વસ્ત્રાપુર તળાવ-બગીચામાં અને પ. બંગાળમાં પણ થાય છે.

૯. ૨૦૨૨માં ગુજરાત ચૂંટણી સમયે ભાજપે વચન આપ્યું હતું કે તે એન્ટિ રેડિકલ સેલ બનાવશે. શું થયું આ વચનનું? મુસ્લિમ કટ્ટરવાદ દૂર કરવા કેમ પગલાં નથી લેવાતાં? મસ્જિદોમાંથી જ ઉશ્કેરણી થાય છે. દિલ્લી બૉમ્બ વિસ્ફોટમાં જમ્મુ-કાશ્મીરના શોપિયાનના મૌલવી ઈરફાન અહમદ વાગેય ઉપાખ્યે ઈમામ ઈરફાનની સંડોવણી હોવાનું પણ કહેવાય છે. 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના અહેવાલ મુજબ, તેણે વ્હાઈટ કૉલર ટેરર નેટવર્ક વિકસાવ્યું હતું. તે મેડિકલ વ્યવસાયિકોની ભરતી કરતો હતો. નાણાં ઉઘરાવતો હતો. પરિવહનની વ્યવસ્થા કરતો હતો. આઈઈડી માટે આવશ્યક સામગ્રી પ્રાપ્ત કરવામાં સહાય કરતો હતો.

આવા કેટલા ઈમામ ભારતનાં શહેરોમાં હશે? તેમને પાછી આઆપ સરકાર પગાર આપે ! ભારતના તમામ મૌલવીઓનું રજિસ્ટ્રેશન કેમ નથી થતું? તેમનાં પ્રવચનો કેમ રેકૉર્ડ કરાતાં નથી?

૧૦. મુસ્લિમ કટ્ટરતા વિરુદ્ધ ચીન જેવા કડક નિયમો ભારતમાં કેમ નથી? બિહારમાં વર્તમાન ચૂંટણીમાં રઘુનાથપુરના અભ્યર્થી (શાહબુદીનના દીકરા)નું નામ ઓસામા છે ! ચીનમાં ઓસામા, સદ્દામ નામ નથી રાખી શકાતું. ભારતમાં તો સૈફ અલી ખાન – કરીના કપૂરના દીકરાનું નામ ગર્વથી તૈમૂર રાખવામાં આવે છે.

વિવિધ કંપનીઓને અપાતા હલાલ પ્રમાણપત્ર દ્વારા ચલાવાતા અર્થતંત્ર પર રોક ક્યારે? તેમાંથી ત્રાસવાદીઓને-અપરાધીઓને બચાવવા શું નાણાં નથી અપાતાં? હલાલ પ્રમાણપત્રના લીધે ભારતના નાગરિકો પોતે જ આ કંપનીઓનાં ઉત્પાદન ખરીદી પોતાના જ પગ પર કુહાડી મારે છે.

૧૧. મુસ્લિમોને રિઝવવા રાજકીય પક્ષો ઈફ્તાર પાર્ટી આપે છે. ઈફ્તાર આનંદનો અવસર બની રહે તો અલગ વાત છે પરંતુ તે શક્તિ પ્રદર્શન બની રહે છે.

૧૨. મુસ્લિમોના તહેવારોની ઉજવણીમાં પેલેસ્ટાઈન, પાકિસ્તાન તરફી સૂત્રોચ્ચાર થાય છે. ગયા વર્ષે શ્રીનગરમાં મુહર્રમ દરમિયાન આવું થયું હતું. શિયાઓ ભૂલી જાય છે કે તેઓ કાશ્મીરમાં ૩૦ વર્ષ પછી મુહર્રમ મનાવી શક્યા કારણકે અનુચ્છેદ ૩૭૦ અને સુન્નીઓના કટ્ટરવાદના કારણે- આતંકવાદના કારણે તેઓ મનાવી શકતા નહોતા. પાકિસ્તાનના ઝિયા ઉલ હકનું રહસ્યમય મૃત્યુ થયું ત્યારે તેઓ પણ હિંસાનો ભોગ બન્યા હતા.

૧૩. ભારતના મુસ્લિમોને કોણ શીખવે છે કે પેલેસ્ટાઈન માટે દેખાવો કરો? અને ચીનમાં મુસ્લિમો પર થતા દમન સામે ચૂપ રહો? પાકિસ્તાનમાં શિયા, અહમદિયા, ખોજા, મુહાજિર વગેરેના દમન સામે, ત્યાં શિયાઓની મસ્જિદમાં થતા બૉમ્બ ધડાકા અંગે ચૂપ રહો?

૧૪. ભારતના મુસ્લિમોમાં પાકિસ્તાન પ્રેમ ક્યાં સુધી રહેશે? બહુ દૂરની વાત નથી, ૨૦૨૧માં વડોદરામાં અને પાટણના સૂઠા ગામમાં ૨૦-૨૦ મેચમાં પાકિસ્તાન સામે ભારતની હાર પછી ફટાકડા ફોડવામાં આવ્યા હતા. (એ ફટાકડાથી તો ભાઈચારો ફેલાય, દિવાળી પર ફટાકડા ફૂટે તેનાથી જ પ્રદૂષણ ફેલાય !) કર્ણાટકના શિવમોગામાં પાકિસ્તાન સમર્થનમાં સૂત્રોચ્ચાર થયો હતો, કર્ણાટક કૉંગ્રેસના મુસ્લિમ અભ્યર્થી નાસીર હુસૈનના રાજ્યસભામાં વિજય સમયે વિધાનસભાની બહાર પાકિસ્તાન ઝિંદાબાદનો સૂત્રોચ્ચાર થયો હતો.

જાન્યુઆરી ૧૯૪૮માં સરદાર પટેલે કોલકાતામાં જાહેરમાં ભાષણ આપતા કહ્યું હતું, "જે મુસલમાન આજે પણ ભારતમાં છે, તેમાંના અનેકે પાકિસ્તાનના નિર્માણમાં મદદ કરી હતી. શું તેમનો દેશ રાતોરાત બદલાઈ ગયો? મને સમજમાં નથી આવતું કે આ આટલું કેવી રીતે બદલાઈ ગયું? હવે તેઓ કહે છે કે તેઓ નિષ્ઠાવાન છે, અને પૂછે છે કે તેમની નિષ્ઠા પર પ્રશ્ન કેમ ઉઠાવાય છે? તો મારો ઉત્તર છે કે તમે અમને કેમ પ્રશ્ન પૂછો છો? પોતાને પૂછો."

શું આવું પ્રવચન આજે કોઈ આપી શકે તેમ છે? શું આ બાબત આજે પણ પ્રાસંગિક નથી? કોઈ કહેશે કે બધા મુસ્લિમો ત્રાસવાદી નથી પરંતુ તેમની પાસે એ ઉત્તર છે કે બધા ત્રાસવાદી મુસ્લિમ જ કેમ હોય છે?

મુસ્લિમોમાં રાષ્ટ્રપ્રેમ જગાવવા મસ્જિદ-મદરેસામાં રાષ્ટ્રગીત ફરજિયાત કરાવનારા યોગી આદિત્યનાથ જેવા પગલાં સમગ્ર દેશમાં કેમ નહીં? થિયેટરમાં રાષ્ટ્રગીત વખતે પણ મુસ્લિમ બેસી રહે છે. વંદે માતરમ્‌નો વિરોધ છે કારણકે તેમાં ભક્તિ આવે છે. પણ જનગણમન ન ગાવા સામેય મૌલાના ફતવો બહાર પાડે છે. હઝરતબાલ દરગાહના ઝીર્ણોદ્ધારથી પ્રસન્ન નથી થતા, પણ તેના પર રાષ્ટ્રચિહ્ન અશોક સ્તંભનો વિરોધ કરી તેને તોડી નાખે છે.

૧૫. અમેરિકામાં ૧૧ સપ્ટે.ના ત્રાસવાદી આક્રમણ પછી ઈરાક અને અફઘાનિસ્તાન પર આક્રમણ કર્યું. લાદેનને પાકિસ્તાનમાં જઈને મારી નાખ્યો. દાટ્યો પણ નહીં. અમેરિકામાં મુસ્લિમો સામે શંકાની દૃષ્ટિ આવી ગઈ. વિમાન મથકો પર કપડાં ઉતારીને જડતી થવા લાગી. શાહરુખ ખાને પોતાની ફિલ્મના પ્રદર્શન માટે હોબાળો પણ કર્યો પરંતુ વાત ધ્યાને ન લેવાઈ. અરે ! પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. કલામને પણ તેમાંથી બાકાત રખાયા નહોતા. આપણે ત્યાં તો મોટું પદ ધરાવતા કે અભિનેતા-અભિનેત્રી હોય એટલે પોલીસ અને સંસ્થાવાળા લળી-લળીને કુર્નિશ કરવા લાગે છે. પત્રકારો ભાજપના સુધાંશુ ત્રિવેદી કે કૉંગ્રેસના આલોક શર્માને તેમના આખા નામથી બોલાવે છે અને પાછળ 'જી' પણ નથી લગાવતા જ્યારે ઓવૈસીને ઓવૈસી સાહબ કહીને બોલાવે છે.

ભારતીયોના મનમાંથી આ ડર ક્યારે જશે? હા, મોગલોની દાસતા અને તે પછી કટ્ટરોની દાદાગીરીના કારણે સરેરાશ ભારતીયના ડીએનએમાં ડર પેસી ગયો છે. દસ હિન્દુ ઊભા હોય અને એક ટોપી-દાઢીધારી મુસ્લિમ આવે એટલે ઈદ તો પવિત્ર તહેવાર, ઈસ્લામ તો શાંતિનો મઝહબ આવી-આવી વાતો થવા લાગે. તે પણ ઉર્દૂપ્રભાવી હિન્દીમાં. અહીં ઉશ્કેરવાની વાત નથી. કોઈને ડરાવવાની વાત નથી. માત્ર ન ડરવાની વાત છે. દાસતા ત્યાગવાની વાત છે.

૧૬. ત્રાસવાદીઓને બૌદ્ધિક કવચ ક્યારે બંધ થશે? કેટલાક કલમઘસુઓને ભગવી સેના જ ખૂંચતી હોય છે. તેમને આતંકવાદી બાબર ગૌભક્ત અને સેક્યુલર લાગે છે. ઔરંગઝેબની સરખામણી વર્તમાન વડાપ્રધાન મોદી સાથે આડકતરી રીતે કરે છે. તેઓ મુસ્લિમ કટ્ટરતાને સારી દેખાડવા તેને હિન્દુઓની પ્રખરતા સાથે જોડી દે છે. હિન્દુઓનાં નિવેદનો તેમને ઝેર ફેલાવનારા લાગે છે પણ મુસ્લિમોની હિંસા તેમને ખૂંચતી નથી !

આવું જ ઉર્દૂવુડની ફિલ્મો અને ધારાવાહિકોમાં છે. 'મિશન કાશ્મીર', 'ફિઝા', 'ફના', 'ખાકી', 'ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની', 'રઈસ', 'આઈસી ૮૧૪: કંદહાર હાઈજેક' વગેરેમાં પોલીસ નિર્દોષ મુસ્લિમને પકડી ત્રાસવાદી સાબિત કરે છે તેવું બતાવે છે અથવા ત્રાસવાદીનું માનવીય પાસું બતાવે છે, તેને નિર્ધનોને મદદ કરતા બતાવે છે. તેઓ પોલીસ કે સેનાના અત્યાચારના ભોગ બનેલા હોય છે અને તેથી ત્રાસવાદી બને છે. આવી ફિલ્મો અને ધારાવાહિકોમાં હિન્દુઓને ત્રાસવાદી બતાવાય છે.

ઉર્દૂવુડ અને દાઉદ ઈબ્રાહિમના સંબંધો છૂપા નથી. 'સરફરોશ' જેવી અપવાદરૂપ ફિલ્મમાં બતાવાયું પણ હતું કે ગુલફામ હસન જેવા ગાયકો અહીં આવીને પૈસા મેળવે છે અને આતંકવાદ પણ ફેલાવે છે. આજેય ખાલિસ્તાન સમર્થકના આરોપી દિલજીત દોસાંજની ફિલ્મ 'સરદાર જી ૩'માં પાકિસ્તાની અભિનેત્રી હનિયા આમીરને લેવામાં આવે છે. 'ચોરી ચોરી ચૂપકે ચૂપકે' ફિલ્મ છોટા શકીલના ભંડોળથી બની હતી. આ ગુંડાઓ મંદાકિનીથી લઈને મોનિકા બેદી સુધીની અભિનેત્રીઓને પોતાના સંકેત પર નચાવતા, ફિલ્મોમાં લેવાની ફરજ પાડતા. દીકરો ઋત્વિક રોશન ફિલ્મ 'કહો ના પ્યાર હૈ' આપી સુપરસ્ટાર બને તો ખાનોના પેટમાં તેલ રેડાવાના કારણે પિતા રાકેશ રોશન પર અંડરવર્લ્ડ ગોળીબાર કરાવે. આ અંડરવર્લ્ડ, આઈએસઆઈ ને ત્રાસવાદ અલગ-અલગ છે તેમ ન માનવું.

પેલેસ્ટાઈન/પાકિસ્તાન પ્રેમીઓ, તેમને છાવરનારા હિન્દુઓ, અભિનેતા-અભિનેત્રીઓ, ખેલાડીઓ, પત્રકારો અને કલમઘસુની તપાસ કરવી આવશ્યક છે.

૧૭. કટ્ટરોને રાજકીય પક્ષો દ્વારા રક્ષણ, સમર્થન કે પક્ષમાં પ્રવેશ ક્યારે બંધ થશે? મીડિયા ક્યાં સુધી આંખ આડા કાન કરશે? પ. બંગાળમાં સંદેશખાલીમાં શાહજહાં શૈખને તૃણમૂલ કૉંગ્રેસે છાવર્યો ! પ. બંગાળમાં ઉત્તર દિનાજપુરના ચોપરામાં શરિયાના નિયમ પ્રમાણે એક મુસ્લિમ મહિલાને 'જેસીબી' તરીકે ઓળખાતા તેજમુલ ઈસ્લામે જાહેરમાં માર માર્યો અને તૃણમૂલ કૉંગ્રેસના ધારાસભ્ય હમીદુલ રહેમાને એમ કહી છાવર્યો કે તે મહિલા જંગલી પશુ જેવી હતી. તેની પ્રવૃત્તિ અસામાજિક હતી. હમીદુલ રહેમાન વિરુદ્ધ તૃણમૂલે શું પગલાં લીધાં?

હિન્દુ મહિલા પર ઉત્પીડનના સમાચાર પહેલા પાને સતસવીર છાપતા મીડિયા પણ આવા સમાચાર અંદર ખૂણેખાંચરે છાપી આ મુદ્દે 'બેધડક' મૌન રહે છે. રેલવેમાં ચાદર માગવા પર એક સૈનિક જિગર ચૌધરીને ટ્રેન એટેન્ડન્ટ ઝુબૈર મેમણ મારી નાખે છે ત્યારે તેના સમાચારમાં 'નિર્ભય સત્ય' છાપવાનો દાવો કરતા મીડિયામાં આ એટેન્ડન્ટનો મઝહબ તો છોડો, નામ પણ છુપાવી દેવામાં આવે છે જેથી નામ પરથી મઝહબની પરખ ન થઈ જાય.

૧૮. અને અંતે ગાંધીજીએ ઈશ્વર-અલ્લાહ તેરો નામ કહીને મુસ્લિમોની કટ્ટરતાને પોષણ આપ્યું. તે જ રીતે 'હિન્દુ-મુસ્લિમોના ડીએનએ એક છે, પૂર્વજો એક છે' તેવી વાત હિન્દુવાદી સંગઠનો કરે છે તેનાથી શું ફરક પડ્યો? ત્રાસવાદ બંધ થઈ ગયો? હિન્દુ શોભાયાત્રા પર મસ્જિદોમાંથી પથ્થરમારો બંધ થઈ ગયો? દિલ્લી જેવા બૉમ્બ ધડાકા બંધ થઈ ગયા?

નક્સલવાદીઓ સામે જેવી કડક નીતિ અપનાવી તેવી જ નીતિ આ ત્રાસવાદીઓ સામે અપનાવાશે ત્યારે જ તેનો ઉકેલ આવશે. 'ઈધર ચલા મૈં ઉધર ચલા' નીતિ અપનાવવાથી 'ફિસલ ગયા' જેવું જ થશે. ■

jaywant.pandya@gmail.com

# શિક્ષણ અને આતંક – વિદ્યા વિના નર પશુ ?

રાજકીય રસધાર



પ્રવીણ માધાણી

શિક્ષણ માનવજીવનની પ્રાથમિક અને મુખ્ય જરૂરિયાત માંહેની એક છે. આજના અર્વાચીન યુગમાં રોટી, કપડા, મકાન, આરોગ્ય અને શિક્ષણ પાયાની જરૂરિયાતો છે. દુનિયામાં જે પ્રજા શિક્ષણમાં આગળ હતી એ બીજી પ્રજાની સાપેક્ષે પ્રગતિ કરી ગઈ. આધુનિક યુગમાં યુરોપ, અમેરિકા જેવા ભૂભાગમાં શિક્ષણ વહેલું અને વ્યાપક પ્રસાર પામ્યું. પ્રાચીન કાળમાં ભારતમાં નાલંદા, તક્ષશિલા, વલભી જેવી વિદ્યાપીઠો હતી. બહાર દેશના વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે ભારત આવતા હતા. એ અરસામાં ભારત સોને કી ચીડિયા જેવા અલંકારથી નવાજવું પડે એવી પ્રગતિ ધરાવતું હતું. આક્રાંતાઓ આવ્યા અને ચતુરાઈપૂર્વક ભારતની આ શિક્ષણની સંસ્થાઓ ધ્વસ્ત કરી નાખી. અને પોતાના શાસનકાળ દરમિયાન ફરીથી ઉભી ન થવા દીધી. પરિણામે ભારત પોતાની પ્રાચીન શિક્ષણ પ્રથાથી તદ્દન કપાઈ ગયું અને ગુલામ બની ગયું. આ બંને ઉદાહરણમાં દેશ કે ઉપખંડોની પ્રગતિનો આધાર શિક્ષણ હતું. યુરોપની પ્રજા પોતાના શિક્ષણના આધારે દરિયાપાર ઉતરી અને આખા વિશ્વ પર છવાઈ ગઈ હતી. અમેરિકા જેવું રાષ્ટ્ર પણ પોતાની જ્ઞાનની શક્તિના આધારે આજે વિશ્વની મહાસત્તા છે. જ્ઞાન ત્રીજી આંખ છે. ગુજરાતીમાં કહેવત પણ છે કે વિદ્યાહીન નર તે પશુ.

સામાન્ય રીતે માણસ જે શિક્ષણ લે છે તેના આધારે તેની કારકિર્દી ઘડાય છે. જે મુજબની કારકિર્દી ઘડવી હોય, જે વ્યવસાય કરવો હોય એ મુજબનું શિક્ષણ લેવું જરૂરી છે. અમુક પ્રવૃત્તિઓ કે વ્યવસાય એવા છે જ્યાં શિક્ષાની જરૂરીયાત નથી, રાજકારણ અને આતંકવાદ એમાના મુખ્ય છે. આતંકવાદ તો એવો વિષય છે કે જ્યાં મેળવેલ શિક્ષણ મુજબ કામ મળી રહે છે. જે અશિક્ષિત છે તે કમર પર પટ્ટો બાંધીને ભીડભાડ વચ્ચે ફાટી પડે છે, જે શિક્ષિત છે એ આવા અશિક્ષિતોને કમર પર પટ્ટો કઈ રીતે બાંધવો અને બટન કેમ દબાવવું જેવી ટ્રેનિંગ આપે છે. દેશ મંગળ પર ઉતરાણ કરી ગયો, ચંદ્ર પર ઉતરાણ કરી ગયો, અત્યાધુનિક સેટેલાઈટ અવકાશમાં સફળતાપૂર્વક પ્રસ્થાપિત કરવામાં ભારતીય વૈજ્ઞાનિકોને સફળતા મળી, દેશ વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયો, ફુગાવાનો દર દશ વર્ષના સૌથી નીચલા સ્તરે રહ્યો, દેશનું વિદેશી હૂંડિયામણ રેકોર્ડ સ્તરે પહોચ્યું, જીએસટી કલેક્શન પણ ઐતિહાસિક સ્તરે પહોચ્યું.... જેવી દેશની ઉપલબ્ધિઓ માટે આ આતંકવાદીઓને કોઈ લેવાદેવા નથી. તેઓ ભારતની અંદર રહેલ પાકિસ્તાન છે. અને ભૌગોલિક પાડોશી પાકિસ્તાન આ લોકો કરતા ઓછું ખતરનાક છે, કારણકે એ સ્પષ્ટ દેખાય તેમ સામે છે, જયારે આ લોકો આપણી વચ્ચે, દેશનું ખાઈને, દેશના સંસાધનોનો ઉપયોગ કરીને દેશને ખોખલો કરવાના સતત પ્રયત્નો કરતા રહે છે.

વામપંથી વિચારધારા ધરાવતા નપુંસક ભારતીય હરામખોરોની જમાત એક એવો નેરેટીવ ફેલાવવાનો સતત પ્રયાસ કરી રહી છે કે આતંકવાદ શિક્ષણના અભાવનું પરિણામ છે. જો કોઈ કોમમાં શિક્ષણનું પ્રમાણ વધી જશે તો એ આતંકવાદ તરફ વળતી બંધ થઈ જશે અને સૌ સારાવાના થઈ જશે જેવો વાંઝિયો દિલાસો ભારતની જનતાને સતત આપી રહ્યા છે એમનું કહેવું છે કે એમનું ઓછું શિક્ષણ અને ગરીબી એમને આ પ્રવૃત્તિ તરફ વળી જવા માટે જવાબદાર છે. ગદ્દારની કક્ષાના નિર્વીર્ય પત્રકારો, પરિવારવાદની રાજનીતિમાંથી પેદા થયેલા કરોડરજ્જુ વિનાના નેતાઓ, ભાંડ કક્ષાના સરકારી તાબેદાર બૌદ્ધિકો દેશની જનતાને આ મુદ્દે ગુમરાહ કરવાનો એક એજન્ડા વર્ષોથી ચલાવી રહી છે અને આતંકવાદીઓ વારે વારે આ વૈચારિક પ્રપંચકારોના એજન્ડાને ખોટો પાડી રહ્યા છે. ૧૯૯૩ના સૌથી ભયાનક મુંબઈ બોમ્બ વિસ્ફોટોનો માસ્ટર માઈન્ડ યાકુબ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જેવી પ્રતિષ્ઠિત ભારતીય સંસ્થાની ડિગ્રી ધરાવતો હતો.

ધાર્મિક કટ્ટરવાદ આગળ શિક્ષણ શરણાગતિ સ્વીકારી લે છે એ દિલ્હી વિસ્ફોટો વખતે ફરી એક વખત સાબિત થઈ ગયું છે. આ આતંકવાદી ઘટનામાં સામેલ પાંચ ડોક્ટરોએ રાજકીય પક્ષોના આશ્રિત લહિયા પત્રકારો, ટીવી પર બેસીને સતત દેશવિરોધી માનસિકતાથી ભૂંકતા રહેતા રાજકીય પક્ષોના પ્રવક્તાઓને ફરી વખત ખોટા પાડ્યા છે કે આતંકવાદને કોઈ ધર્મ નથી હોતો અને આતંકવાદ એ ગરીબી અને શિક્ષણના અભાવનું પરિણામ છે. મહેબૂબા મુફ્તી જેવા અલગાવવાદી આતંકીઓના પરિવારના પક્ષમાં ઉતરી પડે છે, બની શકે કે કોઈ એવું પણ નીકળી આવે જે આ ઘટનાને વાજબી પણ ઠેરવી શકે. ભારતમાં આ શક્ય છે. કારણકે અમુક રાજકીય પક્ષોએ વર્ષો સુધી આતંકવાદને જસ્ટીફાય કર્યે રાખ્યો છે.

આતંકવાદનો એકમાત્ર ઉકેલ એનો સમૂળો નાશ છે. જેમ ધરો સુકાઈ ગયા બાદ પણ ભેજ કે પાણી મળતા ફરી ફરી ફૂટી નીકળે છે એમ આતંકવાદ ધાર્મિક બ્રેઈનવોશનું પાણી મળતા ફૂટતો રહે છે. ધરોનો ઈલાજ પેસ્ટીસાઈડ છે જે મૂળ સુધી બાળી નાખે છે. કઈક આવા ઈલાજો શોધવાનું શરુ કરવું પડશે એ સમય આવી ગયો છે. જેમ જેમ ઉપલબ્ધિઓ ઉંચી થતી જાય તેમ તેમ અનિષ્ટોનું જોખમ નિવારવું અનિવાર્ય બની જાય છે. વર્ષોની મહેનત બાદ મળેલ સફળતાઓ જો આવા અધર્મીઓના કારણે ભોગવી ન શકાય તો એ સફળતાઓનો કોઈ મતલબ નથી. ભારત આજે વિશ્વમાં સૌથી ઝડપભેર પ્રગતિ કરતું રાષ્ટ્ર છે. દેશની આ સફળતાના મીઠા ફળ દેશની જનતા સુધી પહોચવા જ જોઈએ. જો એ રસ્તે કોઈ આવી અડચણો આવી ઉભી રહેતી હોય તો તેને ક્રૂર બની કચડી નાખવી જરૂરી છે. જે પ્રજા દેશની પ્રગતિમાં ભોગ આપી રહી છે, સહભાગી થઈ રહી છે, એ પ્રજાને આતંકવાદથી પીડાઈને ન રહેવું પડે, એ દરકાર લેવાની જવાબદારી પણ સરકારની છે. હવે સમય આવી ગયો છે કે આતંકીઓની તરફેણમાં બોલતો, વિચારતો કે કઈક કરતો દરેક વ્યક્તિ આતંકવાદી છે એ માનીને ચાલવું પડશે.

ક્વિક નોટ – ધર્મ એ અફીણ છે. – કાર્લ માર્ક્સ ■

production@infiniumpharmachem.com

# કકળાટ કેમ પાછો આવે છે ?

હાસ્યાય નમઃ



ડૉ. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧)અગર તુમ મિલ જાઓ જમાના છોડ દેંગે હમ. ક્યાં જશે એ લોકો ?

જીગર આહીર (દાત્રાણા-પાટણ)

મળશે જ નહી એટલે ક્યાંય જશે જ નહીં.

(૨)મને તમે સપનામાં આવ્યા હતા. બોલો?

દર્શન પટેલ (વડોદરા)

સપનામાં આવ્યે શું થાય? 'અપના'માં આવું ત્યારે કહેજો.

(૩) આ વર્ષે વરસાદે ભારે કરી. હવે?

રમાબેન પટેલ (અમદાવાદ)

હવે ઠંડી ભારે કરશે જોજો.

(૪)દાંત વગરના માણસો દાંત કેમ કાઢી શકતા હશે?

રામભાઈ પટેલ (સુરત)

'નાક વિનાના' માણસો શ્વાસ લઈ શકે છે એમ.

(૫)મેં હાથ ઉપર તંબુરો ચિતરાવ્યો છે. હવે શું કરવું?

ધવલભાઈ પાનવાળા (રાજકોટ)

વગાડવો હોય ત્યારે હાથ ખંજવાળજો.

(૬)ઢાંકણીમાં ડૂબી મરાતું નથી, છતાં લોકો એવું શા માટે બોલે છે?

યોગેશભાઈ આર. જોશી (હાલોલ જિ.પંચમહાલ)

એટલે જ બોલે છે.

(૭)એવું ક્યું ઝાડ છે કે જેમાં એકપણ પાન નથી આવતું?

ધોરાજીયા કેવિન ઘનશ્યામ સાજણટીંબા (કેનેડા)

પેલા ઈ ક્યો કે એવું કયું પાન છે જેને કોઈ ઝાડ નથી હોતું?!

(૮)સાહેબ..! એવી કઈ ચીજ છે કે જે તૂટી ગયા પછી કામ આવે?

ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)

સપનું..! સપનું તૂટી ગયા પછી યાદ કરવાના કામમાં આવે છે.

(૯)એવી કઈ જગ્યા છે કે જ્યાં ઘણાબધા લોકો હોવા છતાં પોતે એકલા જ છે એવું લાગે છે?

ધોરાજીયા ચંદ્રકાન્ત એન. (સાજણટીંબા)

બીજી ભાષા બોલતા હોય એ પ્રદેશ.

(૧૦)આ શિયાળામાં તમે અડદિયા બનાવવાના છો કે નહીં ?

રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

ના આ વખતે અડદિયા પોતે જ બની જાશે.

(૧૧)આ વખતે શિયાળામાં ઠંડી કેવી પડશે?

મુસ્તુફા કનોજિયા (રાજુલા)

અમારે તો હજી ગયા વખતની ઠંડી પડવાની પણ બાકી છે!

(૧૨) ઠંડી લાગે છે પણ દેખાતી કેમ નથી ?

કટારિયા અમિત હિંમતભાઈ (કીડી)

ગરમી પણ પડે છે તોય વાગે છે ક્યાં?.

(૧૩)અત્યારની ગોરી રાધાઓ કાળા કાનને કેમ ગમાડતી નથી? કનુભાઈ પરમાર (દામનગર)

હશે.. હવે આવો અફસોસ કરી ને શું ફાયદો?!

(૧૪)શિયાળો છે ઉનાળો છે કે ચોમાસું? કાઈ સમજાતું નથી.

કટારીયા આશા હિમ્મતભાઇ (કીડી)

નવી ઋતુ નીકળી છે.. શિઉચો !

(૧૫)ભગવાને માણસ અને વાંદરાને એકસરખી બુદ્ધિ આપી હોત તો?

જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)

તો વાંદરાઓ પણ પીએચ.ડી. કરત અને ડો. વાંદરાભાઈ ગુલાંટવાળા એવું કહેવું પડત. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# યુવાન થતી દીકરી પર સૌથી વધુ પ્રભાવ એની સખીઓનો હોય છે



સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

શહેર હોય કે ગામ, હવે યુવાન થતી જતી દીકરીનો ઉછેર પહેલાના જમાના જેવો આસાન રહ્યો નથી. કારણ કે જ્યાં સુધી દીકરીમાં વૈચારિક સમજણ વિપુલ રીતે કેળવાય નહીં ત્યાં સુધી માતાપિતાએ એનું શિર છત્ર બની રહેવું પડે છે. ક્યારેક દીકરીઓને પોતાને પણ એમ લાગે છે કે એમને આપવામાં આવતી સ્વતંત્રતા ઘણી ઓછી છે. પરંતુ હકીકત એ છે કે દરેક માતા-પિતા પોતાની પુત્રીને સ્વતંત્ર વિચારશક્તિ આપવા જાય છે, પરંતુ એમ તો ઈચ્છાથી એ વિચાર શક્તિ કોઈ પણ સંતાનોમાં આવી જતી નથી. જ્યાં સુધી યોગ્ય અને અયોગ્યની સ્વતંત્ર વિચારશક્તિ દીકરીમાં ન આવે ત્યાં સુધી માતા-પિતાનું વર્તન એવું જ રહેવાનું. જે ક્યારેક દીકરીઓને અકળાવી પણ મૂકે. એનું કારણ એક જ છે કે દરેક માતા-પિતાને પોતાની દીકરી પર ભરપૂર વિશ્વાસ છે, પરંતુ આ જમાના પર તેમને વિશ્વાસ નથી. આ એક જ કારણસર તેઓ નિંરાતે ઊંઘી શકતા નથી.

માતા-પિતાની એક મર્યાદા એ છે કે તેઓ કંઈ દીકરીના ચોકીદાર નથી. એમની જવાબદારી મુખ્યત્વે દીકરીમાં સંસ્કારોનું સિંચન કરવાની છે. પરંતુ સંસ્કારોનો અર્થ બંધન થઈ જાય નહિ તેની એમણે સાવધાની રાખવાની છે. કારણ કે વધારે પડતા બંધનોમાંથી વિદ્રોહી ભાવના જાગે છે અને એના દુષ્પરિણામો સમાજે જોયા છે. આપણે ત્યાં દીકરીઓની કેળવણીની બાબતમાં અને એમને મળતી સ્વતંત્રતાની બાબતમાં ભાગ્યે જ જાહેરમાં ચર્ચા થાય છે. એને કારણે માતા-પિતાની આદર્શ પેરેન્ટ તરીકેની કેળવણી પણ અધૂરી રહી જાય છે. આપણા દેશમાં પેરેન્ટિંગ વિશે બહુ જ અલ્પ પ્રમાણમાં કામ થયું છે અને હજુ પણ પદ્ધતિસર એ કામ ક્યારે શરૂ થશે એ તો નક્કી જ નથી.

ઘણા પરિવારોમાં તો નાની-નાની બાબતોમાં દીકરી વિશે વિવાદ થતો હોય છે. કેટલીક દીકરીઓ તો પોતાની માતા સાથે પણ વિવેકપૂર્વક પ્રસ્તુત થતી નથી. આગળ જતાં દીકરીઓ પોતાની માતાને કંઈક સંભળાવતી રહે છે અને પિતાનો એક શબ્દ સાંભળવા તૈયાર નથી. છાને પગલે પરિવારમાં એક પ્રકારની કડવાશ પ્રવેશી જાય છે. આ સમસ્યા શહેરી વિસ્તારોમાં અધિક છે અને ગ્રામ્ય વિસ્તારોમાં ઓછી છે. પરંતુ આગળ જતા બધે એક સરખી રીતે આ સમસ્યા જોવા મળશે.

જો દીકરીઓની કેળવણીમાં માતા-પિતા તરફથી ભૂલચૂક રહી ગઈ હશે તો એના જોખમી પરિણામો પણ એ પરિવારે જ ભોગવવાના આવશે. દીકરીઓના કિસ્સામાં આપણે અનેક દ્રષ્ટાન્તો એવા જોયા છે કે ભલીભોળી અને હોશિયાર દીકરીનો કંઈ જ વાંક ન હોય અને પોતે સર્વ ગુણસંપન્ન હોય તો પણ લગ્ન પછી સામાવાળા સાસરિયાઓને કારણે એને સહન કરવાનું આવે છે. અને એમાં પણ મુખ્ય કારણ તો લગ્ન પહેલા બતાવેલા આંબા-આંબલી જ હોય છે અને પછી ખબર પડે છે કે રાજકુમાર તો કંઈ કમાતા જ નથી.

પરંતુ અન્ય કેટલાક કિસ્સામાં દીકરીના પક્ષે માતા-પિતાની પણ ભૂલો હોય છે. આપડી દીકરીમાં વાત કરવાનો વિવેક ન હોય અને કોઈ કામકાજમાં એનો હાથ વળ્યો જ ન હોય તો એની ચોખવટ કરી દેવી સારી. અને અત્યારે એવી ચોખવટ બધા કરે જ છે કે અમારી દીકરી કંઈ કામ નહિ કરે. ખાલી રસોઈ કરશે. સાચું કહેવામાં શું વાંધો છે. ઘણીવાર દીકરીના માબાપ સ્પષ્ટતા નથી કરતા એનાથી સાસરિયે ગયા પછી ક્લેશ વધી જાય છે. મોટાભાગના માતા-પિતા એ સ્વીકારવા તૈયાર હોતા નથી કે તેમનાથી દીકરીના ઉછેરમાં ગંભીર ભૂલો રહી ગઈ છે. જેઓ સ્વીકારતા નથી એમના દ્વારા સંતાનોની અધૂરી રહેલી કેળવણી નવેસરથી શરૂ થવાથી પણ કોઈ સંભાવના હોતી નથી. ક્યારેક દીકરાવાળાને એમ પણ કહી દેવાય કે એને રસોઈ શીખવાનો ઉત્સાહ છે. પણ આવડતી નથી. ભણવામાં જ રહી છે તે એ બધું બાકી છે. તમે થોડી હૂંફ રાખજો તો એને તરત આવડી જશે. પરંતુ બધા જ કિસ્સામાં આવું થતું નથી.

જે દીકરીને એના યૌવનમાં સુશિક્ષિત અને સંસ્કારી બહેનપણીઓ મળી જાય, એના જીવનનો ઉદ્ધાર થઈ જાય છે. ભલે ઘરમાંથી સંસ્કાર ન મળ્યા હોય તો પણ બીજા પરિવારોના સુસંસ્કારો સખીઓ દ્વારા કન્યાના હ્રદયમાં માળો બાંધે છે. અને એના માતાપિતાની ભૂલોને એ પોતાની જિંદગીમાં જાતે સુધારે છે. એ તો અનેક વખત કહેવામાં આવ્યું જ છે કે બાળકોની હાજરીમાં પતિ-પત્નીએ વિવાદ ન કરવો. પરંતુ એનું પાલન થતું નથી. શરૂઆતમાં તો બાળકો નાના હોય ત્યારે એ વિવાદનો લાભ લેવાનું શીખે છે. પરંતુ આગળ જતાં તેઓ એવા જ પ્રકારના કલેશ કરતા થઈ જાય છે. એવું પણ જોવામાં આવ્યું છે કે જે પરિવારમાં ગૃહસ્થ તો જાતે ગૃહિણીને બહુ સન્માનથી ન જોતો હોય અને પૂરતો આદર વ્યક્ત ન કરતો હોય તો એવા ગૃહસ્થને તેના જ ઘરના અન્ય સ્ત્રી પાત્રો દ્વારા સન્માન મળવાની શક્યતા બહુ ઓછી છે.

એક પિતા જો પોતાની પુત્રીની હાજરીમાં એ પુત્રીની માતાનું અપમાન કરતો હોય તો એણે સમજી લેવાનું છે કે આ પુત્રી મોટી થઈ ને મારું પણ અપમાન કરશે. આ બધી વાતો તો દાંપત્ય જીવનના પ્રારંભિક તબક્કાની છે અને એટલી સમજણ જે દંપતીમાં ન હોય તેમણે પોતાના સંતાનો તરફથી ઓછો વધતો ક્લેશ સહન કરવાનો આવે છે. ઉપરાંત પોતાના માતા-પિતાને જે બાળકો સદાય પરસ્પર પ્રસન્ન રહેતા જોતા નથી, આગળ જતા તેમના પોતાના દામ્પત્ય જીવનમાં પણ સંપ અને સુલેહ થવાની શક્યતા ઘટી જાય છે. આવા સંજોગોમાં એ સંતાનો ઉગરી જાય છે જેમને પોતાના સખીવૃંદમાંથી કે મિત્રવૃંદમાંથી પ્રેરણાના પ્રવાહો પ્રાપ્ત થતા રહે છે.

મોબાઈલ ફોનમાં ઈન્ટરનેટની સગવડ થયા પછી જગતભરમાં ડોકિયું કરવા માટેની બારીઓ હવે ખુલી ગયેલી છે. એની કેટલીક મર્યાદાઓ છે, પરંતુ વિશેષતાઓ બહુ છે. સંતાનો યુવાન થતાં પહેલાં જ બહારના જગત વિશે બધું જાણતા થઈ જાય છે. ખાસ તો માનવ સ્વભાવ વિશે તેનો અભ્યાસ વધી જાય છે. ઉપરાંત પોતે જે જમાનામાં છે, એ જમાનાનો સાર પણ એને ખબર પડે છે. એને કારણે તેનામાં ન્યાયદ્રષ્ટિ વિકસે છે. દુનિયામાં કેટલા લોકો પોતાના પરિવાર કરતાં વધુ સુખી છે એ જોઈને એના લક્ષ્યાંકો નક્કી થાય છે. અને કેટલા લોકો દુઃખી છે એ જોઈને એને પોતાના વર્તમાનમાં સંતોષ પણ મળે છે. જિંદગીના વિષાદયોગોને દીકરી સાસરે જતાં પહેલાં જ ઓછાવત્તા જાણી લે છે. એને કારણે એને પોતાની જિંદગીનો લાંબો પંથ પસંદ કરવામાં ઘણી અનુકૂળતા રહે છે. ■

# આંખમાંથી વહેતો પનરવો



વાર્તા વિશ્વ



યોગેશ પંડ્યા

પાછોતરા માગસરનો સૂરજ અસ્તાચલે ડૂબી ગયો. ધૂમ્રવરણી ભૂખરી ભૂખરી સાંજ ખેતરમાં ઉપસી આવી. કુંજડીઓની હાર પાછી વળી. આખા દિવસનું થાકયું પાકયું કોઇ પંખી પોતાના માળા ભણી પાંખો ફફડાવતુ ઉડ્યે જતુ હતું.

સામંતે બળદને ગાડે જોડ્યા. સાંતીસંચ ગાડામાં નાખ્યા. છેલ્લી વાર નજર કરીઃ કંઇ રહી તો નથી જતુ ને ? એ જોવા પાછો ફર્યો કે ત્યાં જ એની નજર લખમણકાકાના શેઢા તરફ આપમેળે ખોડાઇ ગઇ. પોતાની હારોહાર જ જાનું પણ ભાતનાં ભતાણાંને તગારામાં મૂકી શેઢો વળોટી ઝાંપલી બંધ કરતી દેખાઇ. સામંતથી મણ એકનો નિહાકો મૂકાઇ ગયો. કયાં કોયલ જેમ કૂહું કૂહું કરતી હજી પાંચ - છ મહિના પહેલાની જાનું અને કયાં મુંગા ઢોર જેમ સાવ એકાએક અબોલ થઇ ગયેલી જાનું !

કયાં ઢેલ જેમ ધરતી માથે નર્તન કરતી જાનું અને કયાં પાષાણની પ્રતિમા સમી જાનું ? કયાં ગયું એનું રમતિયાળપણું, અલ્હડપણું, તોફાન, શરારત સઘળું કયાં ઉડી ગયું ? એ તો માત્ર રામ જ જાણે.

હજી તો હથેળીમાં ચિતરેલી મેંદીની ભાત નથી સુકાઇ, હજી તો પીઠીનો રંગ ઉતર્યો નથી, હજી તો શેરીમાં વાગતાં ઢોલ-શરણાઇના ધબકારા અને સૂર સંભળાતા વિલાયા નથી, હજી તો ભીના કંઠે ગવાતાં લગ્નગીતોની ગુંજ પણ નથી આછરી.... ત્યાં જાનું સાસરેથી પિયર પાછી આવી.

હજી તો દસૈયું નહાઇને ભીનું અંગ કોરું નથી થયું ત્યાં આંખોને ભીના થવાનો વારો આવ્યો ?

સામંતનો જીવ બળીને રાખ થઇ ગયો. બિચારીનું જીવતર ખાનાખરાબ થઇ ગયું. આ કાંઠેથી પેલે કાંઠે જવા હોંશભર્યું ઉપડેલું વહાણ સામે કાંઠે તો પહોંચતા પહોંચે, પણ એની પહેલાં જ કળણમાં ખૂંચી ગયું. એ જાનુંએ તો ઠીક પણ સામંતેય કદી સપનામાં ધાર્યું નહોતું એ તો જયારે જાનુને જોતો ત્યારે નેહ ભરીને જોતો, તેની આંખોમાં ખોવાઇ જતો.

'સામંતા શું જુએ છે ?' જાનુ પૂછતી.

'તારી આંખો'

'ઓહો, મારી આંખોમાં એવું તે શું છે કે આમ ઝાંકી ઝાંકીને જોવું પડે' 'હા જાનુ, હું એમ વિચારું છુ કે આ આંખોમાં, એવું તે કોણ ભાગ્યશાળી હશે કે જેને આ આંખમાં જ નહીં પણ સુખના દરિયામાં ડૂબવા મળશે ? '

' એવું તેવું મને બોલતા ન ફાવે, સમજતા ન ફાવે, કહેતા પણ ન ફાવે સામંત.' જાનું મીઠો છણકો કરીને ચાલી જતી, એનું નિર્દોષ અબોધપણું પારખીને સામંત દરિયામાં અગ્નિ પ્રગટાવે એવડો નિહાકો મૂકીને મનોમન બબડ્યો, 'કાશ જાનકી, એક વાર મારા હ્રદયની ભાષા સમજી લે ને ! એક વાર મારી નજરનો તાગ મેળવી લેને, એક વાર મારા હ્રદયનો ધબકાર સાંભળી લેને...'

પણ જાનુ કયારેય તેની વાત સમજી જ ન શકી, પીછાણી જ ન શકી. તેના પ્રેમની અભિવ્યકિતને પામી જ ન શકી, સામંત અગિયારમા ધોરણમાં ભણતો હતો અને અચાનક તેના પિતાજીની તબિયત બગડી. સામંતને અધવચ્ચેથી ઉઠી જવું પડ્યું ને લોકભારતી - સણોસરાને રામરામ કરીને ખેતીના કામમાં લાગી જવું પડ્યું.

સામંતના પિતાજી જીવરાજભાઇ હવે ખેતીનું કામ કરી શકે એમ નહોતાં. સામંતે હવે બધું સંભાળી લીધું હતું. રહેતાં રહેતાં જાનું અને સામંતનો જીવ મળી ગયો. જાનું અહુર સવાર વાડીએ આવી ચડતી. સામંત સાથે ધીંગામસ્તી કરતી રહેતી. તેના બા-બાપુ, ભાઇ સઘળાં ના પાડતા હતા કે, તું હવે નાની નથી. છતાં પણ તેનું હૈયું તેના ભેરું સમા સામંત પાસે દોડી જવા માંગતું. ધીરે ધીરે કરતાં સામંતનું હૈયુ જાનું આગળ હારી ગયું જયારે જાનું તો ઉડતા પતંગિયા સમી નિર્દોષ હતી. એ ઘડીમાં આવતી અને ઘડીમાં ચાલી જતી. એને કયાં ખબર હતી કે સામંતના હૈયાના તળ ફાડીને એક પનરવો ફૂટી ચૂક્યો છે, જેના પ્રત્યેક પાંદડે સામંતે મારું નામ લખ્યું છે. એક પ્રેમનામની સમજણથી તે હજી ઘણે દૂર હતી. પરંતુ એક દિવસ વહેતી હવા વાયકા લઇ આવી કે જાનુંનું વેવિશાળ થઇ ગયું છે. કોણ જણે કેમ, પણ બોલવા-ચાલવામાં એક સૂક્ષ્મ મર્યાદા જાનુંના વાણી-વર્તનમાં છવાઇ રહી હતી. સાવ અચાનક જ પણ એ વાવડ સાંભળીને સામંતને તીણો આંચકો લાગી ગયો. પહેલી વાર.

જમીનમાં કાંટો કાઢીને ઉગેલા બીજના અંકુર પર કોઇ રાની પશુ, પગનું તળિયું ઘસીને ચાલ્યું જાય એમ એની પહેલી પહેલી પ્રીતનાં અંકુર મોરાઇ ગયાં જાણે ! તે દિ‘ સાંજે ખેતરેથી ઘરે પાછા ફરતા ગાડામાં બેઠેલી જાનુંને સામંતે પૂછ્યુઃ 'બસ ને, જાનું, હવે તો થોડાક દિવસના મહેમાનને ? '

' હો વ્વે...'

' યાદ કરશો કે નહીં કોઇ દિવસ ? '

' શું કામ ? કોઇ કારણ '

' બસ આટલી જ માયા ને ?' સામંતનો સ્વર ભીનો થયોઃ ' પરણ્યા એટલે પિયરને અળગું કરી દેવાનું ? પોતાના ને પારકાં કરી દેવાના ? માયા આમ જ મૂકી દેવાની ? ભાઇબંધી છોડી દેવાની ? હશે ભૈ, તમારે નહીં લાગણી કે પ્રેમ, અમારે તો ખોટે ખોટો વહેમ. જાનું, હવે લાગે છે કે આપણાં અંજળ કદાચ પૂરાં થઇ ગયા, નહિંતર સાવ આમ તો ન જ હોય...'

' સામંત...' જાનું કદાચ પહેલી વાર ગંભીર થઇ ને ચીખી ઉઠી, ' રહેવા દે જાનું, આ તો બધી લેણ-દેણની વાત છે. માયા કે મમતાને પરાણે વળગાડવાથી તો એ દુઃખના પોપડા બની જાય છે અને એ પોપડાં જયારે ખરે છે ત્યારે એની વેદના તો બહુ કારમી હોય છે...'

અને જાનું સાવ મૂંગી થઇ ગયેલી, પછી તો સામંતેય કશું બોલી શકેલો નહીં, પાદર આવ્યું ત્યાં લગી બન્ને મૂંગા થઇ ગયેલાં, પણ એ પછી જાનું કદી પણ સામંતના ગાડામાં બેઠી નહોતી.

આજે એ વાતને છ - છ મહિના થઇ ગયા છે, હા, જાનુંનાં લગન થયાં ત્યારે માંડવાના આગલા દિવસે જાનું સાંકડી શેરીમાં સામી મળેલી. ઘડીક ઉભી રહી. બન્ને એકબીજાને અપલક નેત્રે તાકી રહ્યાં. છેવટે જાનુંએ ભીના અવાજે કહ્યું, 'આજની રાત ને કાલનો દિ‘ બાકી છે. પરમ દિવસે સાંજે તો કોઇના નામની ચૂંદડી ઓઢી પરદેશી ચરકલડી બનીને ઉડી જઇશ., પણ મારા ઉપર જરા જેટલીય મમતા વધતી હોય તો વિદાય વેળા દાડમાદાદાના ઓટલે ઉભો રહેજે. છેલ્લી વારના મ્હોંમેળાં ઘૂંઘટો ઉઘાડીને કરી લઇશ, તારી રાહ જોઇશ, હવે આવવું કે ન આવવું તારા ઉપર છોડું છું.'

ત્યારે તો 'હા' માં માથું ધૂણાવી નીકળી ગયેલો સામંત, પોતાના હૈયાની સામે જ, જાનુંનાં લગનનો ઢોલ વાગ્યો ને એ ઢોલની થાપ ન જીરવી શકયો, બબ્બે દિ‘ વાડીએથી ઘરે જ ન આવ્યો. જાનું સાસરે હાલી ગઇ છેક તે દિ' ઘરે આવ્યો. બસ! તે દિ‘ ની ઘડીને આજનો દિ. ચાર-છ મહિના જેવું થયું હશે ને શેરીમાં ગણગણાટ થવા લાગ્યોઃ 'જાનબાઇ આવ્યા બચકો લઇને ' કોઇએ કહ્યું તો કોઇ બોલ્યું 'સાસરવાટ વેઠવી વસમી છે' ત્રીજીએ કહ્યું 'માના રાજમાં ઘીથી લચપચતી ગફુલ ખીચડી ખાધી હોય એને સાસરવાટનો રોટલો શેં ગળે ઉતરે ? સાસરે કાંઇ રાજરાણીના સુખ ન હોય બઇ જોતરે જુતવું પડે ને પિયરમાં ખાધેલું ઘી ઓગાળવું પડે ' ચોથુ કહેતું ' બાપના ઘર બધેય ન હોય, પારકી મા જ કાન વીંધે‘ કોઇએ વળી વહમાં વેણ કહ્યા 'તમને કોઇને કોઇ ખબર નથી, જાનુડીએ તો તેના સગા દિયર સાથે', પણ સામંત આ બધી બાબતોને ખોટી માનતો. તેને થતું કે વાતમાં કંઇક બીજું જ છે. સાવ સામાન્ય ક્ષુલ્લક લાગતા વાંધાને લઇ જાનું કદી પણ પિયર રિસામણે આવે નહીં. એ મરી જાય, પણ પિયરનો મારગ કદી ન લે.

આજ આટલા દિવસે એને જોઇ હતી. આમ તો જુઓ, સુકાઇને સાવ સલ્લો થઇ ગઇ હતી. એનું ઓઢણું ઉડ્યું પણ એણે હળવેથી સંવારી લીધું ને ઝાંપલી બંધ કરીને મારગે ચડી... સામંત પણ ગાડું લઇને વાજોવાજ નીકળ્યો બે-ચાર મિનિટ ગાડું હાલ્યું ત્યાં બન્ને લગોલગ થઇ ગયાં. જાનુંએ પાછળ ફરીને જોયું તો સામંત ! તેણે છેડો માથે ઓઢી લીધો ને નજર નીચે ઢાળી દીધી.

' તને કહું છું આ ગાડું તારા માટે ઉભું રાખ્યું છે. મારા સમ છે, ન બેસે એને.' જાનુંનો ચહેરો ફરી ગયો. એ ચીખી ઉઠી. ' શા માટે તું આવાં દુઃખ દે છો ? કોક તો સુખ આપો. ચપટીક બધાય ભેગા લઇને મને ' (ક્રમશઃ)

# "બેસ... બેસ, હું તારા માટે ચા અને થોડો નાસ્તો લઈ આવું..."



# રાખનાં રમકડાં



ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

ઊંઘની જરૂર બધા પ્રાણીઓને હોય જ છે. અંતે મોડે મોડે પણ શાંતુને ઊંઘ આવી. નવાઇ તો એ કે, આજની ઊંઘ તેને ખૂબ ખૂબ મીઠી મીઠી લાગી જયારે સવારે તે ઊઠી ત્યારે ખૂબ જ ખુશ ખુશ હતી. એટલે થોડી આળસ મરડી તે ઊભી થઈ. પછી પ્રાતઃકાર્યમાં લાગી ગઈ. આજે દામલ તો ખૂબ જ મોડો ઊઠયો હતો.

સવારના આઠ થયા. દામલ હજી તૈયાર થતો હતો. રોજ સવારના સાતના ટકોરે તો તે ઘરની બહાર એટલે કે સ્કૂલે જતો રહેતો. પરંતુ આજે તેણે રજા રાખી હતી. રજા લેવાનું કારણ તેના ઘરે આજે મહેમાન એવો મહેશ આવ્યો હતો. આજે તેની સંગાથે દામલને જવાનું હતું, મહેશને નવી નોકરી માટે ડ્યૂટી જોઈન કરવાની હતી.

સાડા નવ થતાં દામલ તૈયાર થઈને બેઠો બેઠો વર્તમાનપત્ર વાંચી રહ્યો હતો. ચા અને કપ લઈને રૂમમાં આવતાં શાંતુ બોલી : "સાડાબાર વાગશે એટલે હું તો સ્કૂલે જવા નીકળી જઈશ. જુઓ, બધી રસોઈ તૈયાર હશે. મહેશ સાથે તમે પાછા જયારે ઘરે આવો ત્યારે નિરાંતે જમી લેજો પછી બેસજો, વાતો કરજો, ને આરામ કરજો. આજે તમે તો ઘરે જ છો એટલે મારે જરાપણ ચિંતા નથી..."

"તું અમારી જમવાની ચિંતા ન કર. મહેશ ડ્યૂટી જોઈન કરી લેશે પછી વહેલાં મોડા ઘરે આવીને અમે બંને જમી લઈશું પરંતુ શાંતુ, મહેશ હજી તૈયાર નહીં થયો હોય...?"

"કોણ જાણે....! આ કુંવારા છોકરાઓનું કંઇ જ નક્કી નહીં, આવા છોકરાઓનો સૂવાનો અને ઉઠવવાનો ટાઈમ તો લગ્ન પછી જ નક્કી થતો હોય છે. આપણને શી ખબર, કદાચ મોડી રાત સુધી વાંચતો હોય તો ઉઠવામાં મોડું પણ થાય...."

શાંતુએ આ બોલવાનું પૂરૂં કર્યું ને બરાબર આ સમયે જ મહેશ રૂમમાં દાખલ થતાં વેત બોલ્યો : "ભાભી...! તમારી વાત સો ટકા સાચી છે. હું હજી સિંગલ છું... એટલે ઊંઘ આવે ત્યારે જ ઊંઘુ છું. પરાણે આંખો મીંચીને પડી રહેવાથી મને ઊંઘ આવતી નથી. એટલે ઊંઘ ન આવે ત્યાં સુધી હું કંઈક ને વાંચતો જ રહું છું...."

"બેસ... બેસ, હું તારા માટે ચા અને થોડો નાસ્તો લઈ આવું..." શાંતુએ ઊભાં થતાં કહ્યું ને તે સીધી જ રૂમની બહાર ચાલી ગઈ એટલે મહેશે દામલ સામે જોતાં કહ્યું : "સર...! તમે ખોટી રજા મૂકી છે. મારે હાજર થવામાં ત્યાં આગળ તમારી કંઈ જરૂર નહીં પડે...." મહેશ આમ બોલ્યો એટલે દામલે તરત જ કહ્યું :

"અરે ગાંડા..., એમ કંઈ હોય ! પહેલા દિવસે હું તારી સાથે ન આવું તો તો હું ખૂબ જ સ્વાર્થી કહેવાઉં. આમેય એક કરતા બે ભલા, એમાં વળી શું થયું...? "

એક કપમાં ચા અને ડીશમાં થોડાં બિસ્કીટ અને ખારી લઈ આવી શાંતુએ આ બધું ટીપોઈ પર મૂકયા પછી બોલી : "હળવો નાસ્તો છે, અને હા... નાસ્તો કર્યા વગર કયાંય બહાર ન નીકળાય..."

ચા - નાસ્તાને મહેશે ન્યાય આપ્યો. છેલ્લે પાણી પી લીધા પછી તે બોલ્યો :

"આજે મારી જિંદગીનો આ પ્રથમ દિવસ, એટલે કે મારી સરકારી નોકરીનો પ્રથમ દિવસ મને ખૂબ ખૂબ યાદ રહેશે. મારી કમાણીનો આ પ્રથમ દિવસ હું જિંદગી ભર નહીં ભૂલું, સર..., તમે અને ભાભી... તમને બન્નેને તો હું મરતા સુધી ભૂલીશ જ નહીં...."

"બસ મહેશ.... બસ ! બહુ થયું, હવે રહેવા દે, બધા જુવાનીયા - છોકરાઓ આવી ડાહી ડાહી વાત કરતા આવું જ બોલે છે. પરંતુ સમય આવે એટલે ભાભી એક બાજુ અને ભાઈ બીજી બાજુ એમને એમ પડયા રહે છે. બોલેલું સદંતર ભૂલી જ જાય છે. આ સમાજનો અને અને આ નાશવંત એવી દુનિયાનો નિષ્ઠુર નિયમ છે..." શાંતુ બોલી.

"પરંતુ ભાભી...., એ બધા જેવો હું નથી.. મારી પરીક્ષા કરવાની તમને છૂટ છે, સમજયાં... ? તમારે મારૂં કામ પડે એટલે મને કહેજો. કાળી રાતે પણ હું તમારા માટે દોડતો આવીશ... બસ ! બધું જ બધું ભૂલી જઈશ, પરંતુ તમને તો હું નહીં જ ભૂલું...." મહેશે કહ્યું.

"તો તો ખુબ જ સારૂં મહેશ, તું આ જે કંઈ બોલ્યો તે શબ્દો બરાબર યાદ રાખજે. હા, મારે એવી કોઈ જરૂરિયાત ઊભી થશે ત્યારે તું ના ન પાડતો, બરાબરને દામલ...?" દામલે તેની ડોક હકારમાં હલાવી. એટલે પછી શાંતુ વળી આગળ બોલી : "આજે તું તારી ડ્યૂટી તો જોઈન કરી લે, આ તારા ભાઈ તારી સાથે આવશે. હું તો શાળાએ ચાલી જઈશ, પછી સાંજના આપણે બધા ભેગા મળીશું..." (ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# શ્રીનગરના નૌગામ પોલીસ સ્ટેશનમાં વિસ્ફોટ થતા ૯ લોકોના મોત

નવીદિલ્હી,તા.૧૫

શુક્રવારે મોડી રાત્રે શ્રીનગરના નૌગામ પોલીસ સ્ટેશનમાં વિસ્ફોટ થયો. વિસ્ફોટકોના નમૂના એકત્રિત કરતી વખતે વિસ્ફોટ થયો. ડીજીપી નલિન પ્રભાતે ઘટનાની વિગતો આપવા માટે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. ગૃહ મંત્રાલયે પણ એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. ગૃહ મંત્રાલયે તેની પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, નૌગામ પોલીસે ડોક્ટર મોડ્યુલનો પર્દાફાશ કર્યો હતો. ફરીદાબાદમાંથી જપ્ત કરાયેલા વિસ્ફોટકો પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા હતા. ફોરેન્સિક તપાસ દરમિયાન વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટમાં નવ લોકોના મોત થયા છે. કોઈ આતંકવાદી એંગલ નથી; તે એક અકસ્માત હતો.

નૌગામ વિસ્ફોટ અંગે, જમ્મુ અને કાશ્મીરના ડીજીપી નલિન પ્રભાતે જણાવ્યું હતું કે, નૌગામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆરની તપાસ દરમિયાન, ૯ અને ૧૦ નવેમ્બરના રોજ ફરીદાબાદમાંથી મોટી માત્રામાં વિસ્ફોટકો, રસાયણો અને રીએજન્ટ પણ મળી આવ્યા હતા. આ જપ્તી, અન્ય જપ્તીની જેમ, નૌગામ પોલીસ સ્ટેશનના ખુલ્લા વિસ્તારમાં સુરક્ષિત રીતે સંગ્રહિત કરવામાં આવી હતી. તેમણે કહ્યું, જપ્ત કરાયેલા નમૂનાઓને વધુ ફોરેન્સિક અને રાસાયણિક તપાસ માટે મોકલવાના હતા. જપ્તીની વિશાળ પ્રકૃતિને કારણે, એફએસએલ ટીમ દ્વારા આ પ્રક્રિયા



છેલ્લા બે દિવસથી, એટલે કે ગઈકાલે અને ગઈકાલે એક દિવસ પહેલાથી ચાલુ રાખવામાં આવી છે. ડીજીપીએ કહ્યું, દુર્ભાગ્યવશ, ગઈકાલે રાત્રે લગભગ ૧૧:૨૦ વાગ્યે એક આકસ્મિક વિસ્ફોટ થયો હતો. આ ઘટનાના કારણ વિશે વધુ કોઈ અટકળો બિનજરૂરી છે. આ ઘટનામાં નવ લોકોએ જીવ ગુમાવ્યા છે. એક એસઆઈ, એક કર્મચારી, ત્રણ એફએસએલ ટીમના કર્મચારી, બે ગુના દ્રશ્ય ફોટોગ્રાફર, મેજિસ્ટ્રેટની ટીમનો ભાગ રહેલા બે મહેસૂલ અધિકારીઓ અને ટીમ સાથે જોડાયેલ એક દરજી. વધુમાં, ૨૭ પોલીસકર્મીઓ, બે મહેસૂલ અધિકારીઓ અને આસપાસના વિસ્તારોના ત્રણ નાગરિકો ઘાયલ થયા હતા અને તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાસ્થળના વીડિયોમાં પોલીસ સ્ટેશનના પાર્કિંગ વિસ્તારમાં વ્યાપક વિનાશ જોવા મળે છે. પોલીસ કાર સહિત અનેક વાહનો આગમાં બળીને ખાખ થઈ ગયા હતા અને કાટમાળ દૂર દૂર સુધી ફેલાયેલો હતો. વિસ્ફોટના કારણે નજીકના ઘરો અને ઈમારતોની બારીઓ તૂટી ગઈ હતી, જેમાં રાવલપોરા જેવા પડોશી વિસ્તારોનો પણ સમાવેશ થાય છે. આ ઘટનામાં નવ લોકો માર્યા ગયા છે, જ્યારે ૨૯ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

આ વિસ્ફોટ પોલીસ સ્ટેશનમાં જપ્ત કરાયેલા મોટા જથ્થામાં એમોનિયમ નાઈટ્રેટ આધારિત વિસ્ફોટક સામગ્રીને કારણે થયો હોવાનું માનવામાં આવે છે. આ સામગ્રી નવેમ્બરની શરૂઆતમાં જૈશ-એ-મોહમ્મદ આતંકવાદી મોડ્યુલની તપાસના ભાગ રૂપે જપ્ત કરવામાં આવી હતી. આ મોડ્યુલ, જેમાં ડોકટરો અને મૌલવીઓ જેવા કટ્ટરપંથી વ્યાવસાયિકો સામેલ છે, તે JeM ના પ્રચાર પોસ્ટરો સામે આવ્યા પછી પ્રકાશમાં આવ્યું હતું.

## રાષ્ટ્રપતિ મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ, પીએમ મોદીએ બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી

નવીદિલ્હી,તા.૧૫

બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ પ્રસંગે સંસદ સંકુલમાં સ્થાપિત ધરતી આબા બિરસા મુંડાની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુ, અનેક મંત્રીઓ અને કેન્દ્ર સરકારના અધિકારીઓ સાથે સંસદ સંકુલમાં બિરસા મુંડાને પુષ્પાંજલિ આપી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ઝારખંડમાં જન્મેલા ભારત માતાના આ પુત્રને પુષ્પાંજલિ આપી હતી. તેમના એકસ હેન્ડલ પર પોસ્ટ કરાયેલા સંદેશમાં, તેમણે ઝારખંડને તેના સ્થાપના દિવસ પર અભિનંદન આપ્યા અને બિરસા મુંડાને પણ પુષ્પાંજલિ આપી. આજે તેમના એકસ હેન્ડલ પર પોસ્ટ કરાયેલા સંદેશમાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, આદિવાસી ગૌરવ દિવસના આ શુભ પ્રસંગે, સમગ્ર રાષ્ટ્ર માતૃભૂમિના સ્વાભિમાનનું રક્ષણ કરવામાં તેમના અજોડ યોગદાનને આદરપૂર્વક યાદ કરી રહ્યું છે.

## બિહારના મુઝફ્ફરપુરમાં શોર્ટ સર્કિટથી ઘરમાં આગ લાગતા પાંચ લોકો ભૂંજાયા

મુઝફ્ફરપુર,તા.૧૫

બિહારના મુઝફ્ફરપુરમાં એક દુઃખદ અકસ્માત થયો છે. એક જ પરિવારના પાંચ સભ્યો બળીને મૃત્યુ પામ્યા છે. આ ઘટનાથી વિસ્તારમાં ગભરાટ ફેલાયો છે. અહેવાલો અનુસાર, ઘરમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી.

મુઝફ્ફરપુરના મોતીપુર બજારમાં એક હૃદયદ્રાવક ઘટના બની. ઘરમાં આગ લાગવાથી પાંચ લોકોના દુઃખદ મોત થયા. એવું કહેવામાં આવી રહ્યું છે કે શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હતી, અને ઘટના સમયે પરિવારના સભ્યો સૂઈ રહ્યા હતા. પરિણામે, તેઓ બચી શક્યા ન હતા.



સ્થાનિક રહેવાસીઓએ આગ જોઈ અને એલાર્મ વગાડ્યો, જેના કારણે ઘટનાસ્થળે ભીડ એકઠી થઈ ગઈ. લોકોએ આગ ઓલવવાનો પ્રયાસ કર્યો, પરંતુ આગની તીવ્રતા એટલી તીવ્ર હતી કે તેને કાબુમાં લેવી મુશ્કેલ બની ગઈ. માહિતી મળતાં, પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે પહોંચી અને ભારે પ્રયાસો બાદ આગ પર કાબુ મેળવ્યો. પોલીસે પાંચ ઘાયલોને બચાવી લીધા અને તેમને સારવાર માટે એસકેએમસીએચ હોસ્પિટલમાં મોકલ્યા. મૃતકોની ઓળખ લાલન સાહ, તેમની માતા, પત્ની અને બે બાળકો તરીકે થઈ છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોક છવાઈ ગયો છે.

## ૨૦૩૦માં રાજ્યસભામાં આરજેડીનું પ્રતિનિધિત્વ ખતમ થવાના આરે

પટના,તા.૧૫

આરજેડી પર બિહાર ચૂંટણીના પરિણામોની ગંભીર અસરો જોવા મળશે. પાર્ટીએ ૧૪૩ બેઠકો પર ઉમેદવારો ઊભા રાખ્યા હોવા છતાં, માત્ર ૨૫ બેઠકો જ જીતી શકી. આના કારણે, ૨૦૩૦ આવતાં-આવતાં રાજ્યસભામાં રાષ્ટ્રીય જનતા દળના તમામ સાંસદોનો કાર્યકાળ પૂરો થઈ જશે અને ત્રણ દાયકામાં પહેલીવાર પાર્ટી ત્યાં પ્રતિનિધિત્વ વિનાની રહી જશે. ૨૦૩૦માં યોજાનારી બિહાર વિધાનસભાની ચૂંટણી બાદ, આરજેડીના ઓછા ધારાસભ્યોને કારણે દેશના ઉપલા ગૃહ રાજ્યસભામાં તેમનો એક પણ સાંસદ નહીં હોય. જોકે ઓવૈસીની પાર્ટી AIMIM જો આરજેડીને સમર્થન આપે તો પણ ઉપલા ગૃહમાં પોતાનો સાંસદ મોકલવો આરજેડી માટે મુશ્કેલ બની રહેશે. નોંધનીય છે કે આ વખતે બિહારમાં આરજેડી અને AIMIM અલગ-અલગ ચૂંટણી લડ્યા હતા અને ઘણી બેઠકો પર બંને પક્ષોએ એકબીજાના ઉમેદવારને હરાવ્યા છે.

## કોલકાતા ટેસ્ટમાં બીજી ઈનિંગમાં દ.આફ્રિકાએ ૯૩ રનમાં ૭ વિકેટ ગુમાવી

કોલકાત્તા,તા.૧૫



સાઉથ આફ્રિકા કોલકાતા ટેસ્ટના બીજા દિવસે ભારત સામે ૬૩ રનથી આગળ છે. ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં શનિવારે પણ ખરાબ લાઈટને કારણે વહેલા સ્ટમ્પ્સ જાહેર કરી દેવામાં આવ્યા છે. દિવસની રમતના અંતે સાઉથ આફ્રિકાએ બીજી ઈનિંગ્સમાં ૯૩ રન બનાવવામાં ૭ વિકેટ ગુમાવી દીધી છે. કેપ્ટન ટેમ્બા બાવુમા ૨૯ અને કોર્બિન બોશ એક રન પર અણનમ પરત ફર્યા છે. આ પહેલાં ભારતીય ટીમે પહેલી ઈનિંગ્સમાં ૧૮૯ રન બનાવ્યા. તેમને કુલ ૩૦ રનની લીડ મળી હતી. સાઉથ આફ્રિકાએ પહેલી ઈનિંગ્સમાં ૧૫૯ રન બનાવ્યા હતા. ભારતીય કેપ્ટન શુભમન ગિલ ગરદનમાં દુઃખાવાને કારણે પહેલા સેશનમાં રિટાયર હર્ટ થયો હતો. તે પછી તે બેટિંગ કરવા નહોતો ઉતર્યો. કે એલ રાહુલે સૌથી વધુ ૩૯ રન બનાવ્યા. સાઉથ આફ્રિકા માટે સાયમન હાર્મરે ૪ વિકેટ ઝડપી. માર્કો યાન્સેને ૩ વિકેટ લીધી. કેશવ મહારાજ અને કોર્બિન બોશને ૧-૧ વિકેટ મળી.

## રાજ્યમાં બીએલઓની કામગીરીમાં હાજર ન રહેનાર શિક્ષકો સામે ધરપકડ વોરંટથી રોષ

સુરત,તા.૧૫

રાજ્યભારના શિક્ષકોને SIR (special intensive revision) એટલે કે, ખાસ મતદારયાદી સુધારણા ઝૂંબેશની કામગીરી સોંપવામાં આવી છે. આ કામગીરીમાં હાજર ન થતાં કેટલાંક શિક્ષકો સામે ધરપકડ વોરંટ જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે ૧૫ નવેમ્બરે રાજકોટ અને અમદાવાદમાં શિક્ષકો અને




શૈક્ષણિક સંઘો દ્વારા કલેક્ટર મારફતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે. રાજકોટ જિલ્લાના અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે આવેદનમાં જણાવ્યું છે કે, મતદારયાદી સુધારણાની આ કામગીરી વિદ્યાર્થીઓના ભણતરના ભોગે શિક્ષકોને સોંપવાને બદલે BLO (બૂથ લેવલ ઓફિસર)ની અલગ કેડર ઉભી કરવામાં આવે તેવી માગ છે. સાથે જ બીમાર હોય કે દૂર રહેતા હોય તેમાં શિક્ષકો હાજર થવામાં મોડું કરે તો તેની સામે ધરપકડ વોરંટ ઈસ્યુ કરવામાં આવી રહ્યા છે, જે ખૂબ જ નીંદનીય છે, જેથી શિક્ષકોને BLOની કામગીરીમાંથી મુક્ત કરવામાં આવે.

## કોડીનારની શાળાની વિદ્યાર્થિનીઓ રાજ્યકક્ષાની કુસ્તી સ્પર્ધામાં ઝળકી

કોડીનાર,તા.૧૫

આ વર્ષે ૧૩ થી ૧૮-ઓક્ટોબર દરમિયાન વલસાડ ખાતે ૬૯મી રાજ્યકક્ષાની ભાઈઓ અને બહેનોની અં-૧૪, અં- ૧૭ કુસ્તી સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં રમતવીરોએ ભાગ લીધો હતો. જેમાં કોડીનારની ડીએલએસએસ સોમનાથ એકેડેમીના કુસ્તીની ખેલાડી બહેનોએ ભાગ લીધો હતો અને ઉમદા પ્રદર્શન કર્યું હતું. જેમાં અં-૧૭ બહેનોમાં ડાભી હેમાંગી ૪૦ કેજી


તસવીર : કુલદીપ પાઠક

બ્રોન્ઝ મેડલ, ઘરસંડા પ્રતિક્ષા ૪૬ કેજી બ્રોન્ઝ મેડલ, રાઠોડ કોમલ ૪૯ કેજી સિલ્વર મેડલ, તિવારી લક્ષ્મી ૫૩ કેજી સિલ્વર મેડલ, સોલંકી રિદ્ધિ ૫૭ કેજી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. જ્યારે અં-૧૪ બહેનોમાં વાળા પ્રગતિ ગોલ્ડ મેડલ, વાઝા રિદ્ધિ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

## ધોરાજીના જેતપુર રોડ પર નાફેડના ખરીદી કેન્દ્ર પર આગની ઘટના

ધોરાજી,તા.૧૫

ધોરાજીના જેતપુર રોડ નેશનલ હાઈવે પાસે અતુલ સોલવન્ટના ગ્રાઉન્ડમાં નાફેડ દ્વારા ૧૧ તારીખથી ખેડૂતોની મગફળીની ખરીદી થઈ રહી છે. આજે નાફેડના ગોડાઉનમાં ખુલ્લા ગ્રાઉન્ડમાં પડેલ બારદાનનો જથ્થો કોઈ કારણોસર આગ લગી જતા ભસ્મીભૂત થઈ ગયો હતો. આ ઘટનાને પગલે તાત્કાલિક આગને ઠારવામાં આવી હતી. આ મામલે ગુજકોમાસોલના ધોરાજી વિસ્તારના



અધિકારી પિયુષ પટેલે જણાવ્યું હતું કે ૧૧મી તારીખથી નાફેડ દ્વારા ખેડૂતોની મગફળી ખરીદ કરવાની કામગીરી ચાલી રહી છે ત્યારે આજરોજ કોઈ કારણોસર મેદાનમાં રહેલા કોથળાના જથ્થામાં આગ લાગતા તમામ બારદાન સળગી ગયા છે.

## ધોરાજીમાં સંભવિત દૂષિત પાણીને કારણે ઝાડા-ઉલટીના કેસોમાં વધારો નોંધાયો

ધોરાજી,તા.૧૫

ધોરાજી વોર્ડ નંબર ત્રણમાં સંભવિત દૂષિત પાણીને કારણે ઝાડા ઉલટીના કેસોમાં આજે વધુ ચાર જેટલા કેસ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ધોરાજી સરકારી હોસ્પિટલના અધિક્ષક ડોક્ટર જયેશ વેસેટીયનએ જણાવ્યું હતું કે આજે પણ એ વિસ્તારમાંથી ઝાડા ઉલટીના કેસ વાળા ચાર જેટલા દર્દીઓને સરકારી હોસ્પિટલે સારવાર અપાઈ છે. નગરપાલિકાના



વોટર વર્ક વિભાગના અધિકારી રાકેશભાઈ રાખોલીયાએ જણાવ્યું હતું કે ચીફ ઓફિસરની સૂચનાથી લીકેજ રિપેર કરવાનું કામ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યું છે.


**// એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૧૯૧/૨૦૨૫

અરજદાર :- જોધાણી ભીખાભાઈ કરશનભાઈ
હરીપુરા, તા.જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું. શેડુભાર, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચિતલ ગામમાં અરજદારશ્રી જોધાણી ભીખાભાઈ કરશનભાઈ તેઓના પુત્ર જોધાણી દિનેશભાઈ ભીખાભાઈ ની જન્મ (તા.૧૫/૦૬/૧૯૮૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૨/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**// એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૧૭૮/૨૦૨૫

અરજદાર :- શ્રી રમેશભાઈ વાલજીભાઈ દેવાણી
રહે. તરકતળાવ, તા.જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું. તરકતળાવ, તા.જી.અમરેલી

**-:: સાહેદ સમન્સ ::-**

આ કામના સામાવાળાને આ સાહેદ સમન્સ કરી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદારશ્રીએ તેઓના બહેન મધુબહેન રણછોડભાઈ દેવાણીની જન્મ (તા.૦૫/૦૪/૧૯૬૧) નોંધ માટે અત્રેની કોર્ટમાં જન્મ-મરણ અધિનિયમની-૧૯૬૯ ની કલમ-૧૩ ની પેટા કલમ-૩ હેઠળ અરજી દાખલ કરેલ. જે કામથી તમોને સમન્સ કરી જાણ કરવામાં આવે છે કે, જન્મ-મરણ રજીસ્ટરમાં તેમનું નામ છે કે નહી તે ખાત્રી કરવા અસલ રજીસ્ટર તથા જવાબ સાથે મુદતે તા.૧૩/૧૧/૨૦૨૫ ના રોજ સવારના ૩:૦૦ કલાકે હાજર રહેશો. આ ઉપરથી તમોને કરવામાં આવે છે કે, જો વ્યાજબી કારણ વગર સદરહું વખતે અને મુકામે હાજર થવાની ગફલત કરશો અથવા તેમ કરવાની ના કહેશો તો તમને હાજર થવાની ફરજ પાડવા સારૂ વોરંટ કાઢવામાં આવશે.

આજ તા. ૭/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

સહી,
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૦૬/૨૦૨૫ — તા. ૦૮/૧૦/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. શોભનાબેન મનુભાઈ પડસાળા
રહે. સાજણટીંબા તા.લીલીયા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી, મોટા ભમોદ્રા તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી શોભનાબેન મનુભાઈ પડસાળાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૨ ના રોજ મુ.મોટાભમોદ્રા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૬/૧૦/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૨૬૫/૨૦૨૫

અરજદાર : શ્રી જોષી ભરતભાઈ છગનભાઈ
સરનામુ : મું.ધોળાદ્રી તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ધોળાદ્રી
મું.ધોળાદ્રી તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ધોળાદ્રી** ગામના **શ્રી જોષી ભરતભાઈ છગનભાઈ** એ તેમના **બહેન નામે શ્રી શોભનાબેન છગનલાલ જોષી નો જન્મ** તા.૨૭/૦૩/૧૯૭૬ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ડી.એન.બારૈયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૬ માહે. સપ્ટેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૨૬/૦૯/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**અમરેલીના પીઠવાજાળ ગામે ભીખાભાઈ માધાભાઈ દેસાઈનું સારવાર દરમિયાન અવસાન**

# સંજોગ ન્યૂઝ પરિવારના મોભીના નિધનથી પરિવારમાં ઘેરો શોક

**દેસાઈ પરિવારે મૃતકનું ચક્ષુદાન કરી પ્રેરણાદાયી કાર્ય કર્યું**





અમરેલી,તા.૧૫

અમરેલીના અખબાર એવા સંજોગ ન્યૂઝ પરિવાર સાથે જોડાયેલા નિલેશભાઈ અને સુરેશભાઈ દેસાઈના પિતાશ્રી ભીખાભાઈ માધાભાઈ દેસાઈનું સારવાર દરમિયાન અવસાન થતા પરિવારમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે. દેસાઈ પરિવારે મૃતકનું ચક્ષુદાન કરી પ્રેરણાદાયી કાર્ય કર્યું હતું. થોડા દિવસો પહેલા ભીખાભાઈ દેસાઈની તબિયત લથડતા પુત્રોએ તાત્કાલિક ખાનગી દવાખાને ખસેડ્યા હતા. જ્યાં તેમની સારવાર ચાલતી હતી જો કે અચાનક જ ૧૦ દિવસની સારવાર બાદ ખેડૂત અગ્રણી ભીખાભાઈ દેસાઈને શનિવારના રોજ વહેલી સવારે હૃદયરોગનો હુમલો આવતા તેમનું નિધન થયુ હતું. સદ્‌ગતની સ્મશાનયાત્રા તેમના વતન પીઠવાજાળ ગામેથી નીકળી હતી. અખબારી ક્ષેત્રે વર્ષોથી જોડાયેલા સુરેશભાઈ દેસાઈના પિતાના નિધનના સમાચાર મળતા જ તમાર રાજકિય, સામાજિક અને અખબારી ક્ષેત્રના આગેવાનોએ પીઠવાજાળ ગામે જઈ નિલેશભાઈ અને સુરેશભાઈ દેસાઈને સાંત્વના પાઠવી હતી. સંજોગ ન્યૂઝ પરિવારના મોભીનું નિધન થતા પરિવારમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે. સદ્‌ગતનું બેસણુ સોમવારે પીઠવાજાળ ગામે અને મંગળવારે શ્યામવાડી, લીલીયા રોડ અમરેલી ખાતે બપોરે ૩થી ૬ રાખેલ છે.

## અમદાવાદમાં હિટ એન્ડ રનની ઘટના કાર ચાલકે બે હોમગાર્ડ જવાનને ઉલાળ્યા



અમદાવાદ,તા.૧૫

અમદાવાદના એસ.જી. હાઈવે પર વધુ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. રાજપથ રંગોલી રોડ પાસે ૧૪ નવેમ્બરની મોડીરાતે બાઈક પર જઈ રહેલા બે હોમગાર્ડ જવાનને પૂરઝડપે આવતા કાર ચાલકે ટક્કર મારી હતી. આ અકસ્માતથી બન્ને હોમગાર્ડ બાઈક સાથે રોડ પર પટકાતા એકને ગંભીર ઈજા પહોંચી છે. બાઈકને ટક્કર માર્યા બાદ કાર ચાલક ફરાર થઈ ગયો હતો. સ્થાનિકોના જણાવ્યાં મુજબ, આ કારના ચાલકે આગળ પણ ત્રણ લોકોને અડફેટે લીધા હતાં. હાલમાં સરખેજ પોલીસે ગુનો નોંધી આરોપી નશાની હાલતમાં હતો કે કેમ? સહિતની દિશામાં તપાસ શરૂ કરી છે.

## હાલોલમાં શ્રમિક તરીકે કામ કરતા યુવકનું પાકિસ્તાની આઈએસઆઈ સાથે કનેક્શન ખુલતા એટીએસે દબોચ્યો

હાલોલ,તા.૧૫

ગુજરાત એટીએસને મોટી સફળતા મળી છે. પંજાબમાં હથિયાર અને ગ્રેનેડ હેરાફેરી તેમજ આતંકી હુમલાના કાવતરામાં વોન્ટેડ ગુરપ્રીતસિંઘ ઉર્ફે ગોપી બિલાની ધરપકડ કરવામાં આવી છે. આરોપી છેલ્લા ઘણા સમયથી વિવિધ નામોથી છુપાઈને હાલોલની એક કંપનીમાં મજૂર તરીકે કામ કરતો હતો.

માહિતી અનુસાર, ગુરપ્રીતસિંઘ પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ સાથે સંકળાયેલા નેટવર્કનો ભાગ હતો. મલેશિયામાં રહેતા મુખ્ય આરોપી મનુ અગવાન અને મનીંદર બિલ્લા આઈએસઆઈ હેન્ડલર્સના સંપર્કમાં રહી પંજાબ અને અન્ય રાજ્યોમાં આતંકી હુમલાની તૈયારી કરી રહ્યા હતા. આ ગેંગ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં હુમલો




કરવા માટે ગ્રેનેડ અને પિસ્તોલની વ્યવસ્થા કરી રહ્યું હતું. બે ગ્રેનેડ અને બે પિસ્તોલની આપ-લે થઈ હોવાની જાણકારી પણ સામે આવી છે. પંજાબના સીટી બટાલામાં ગ્રેનેડ હેરાફેરી અને વિસ્ફોટ સંબંધિત ગંભીર ગુનાઓ નોંધાયા હતા. આ મામલામાં પંજાબ પોલીસે પહેલાથી જ આરોપી પંથબીરસિંહ અને જસકીરતસિંઘને પકડી લીધા છે. તેમની પૂછપરછમાં ગુરપ્રીતસિંઘનું નામ સામે આવ્યું હતું, જેના આધારે પંજાબ પોલીસે ગુજરાત એટીએસને તેની માહિતી આપી હતી.

## અમરેલીમાં ૧૫.૨ ડિગ્રી તાપમાન સાથે રાજ્યમાં ઠંડીનો ચમકારો



અમદાવાદ,તા.૧૫

હવામાન વિભાગના જણાવ્યા મુજબ ગઈકાલે રાજ્યના મોટાભાગના શહેરોમાં રાત્રિના અને વહેલી સવારના તાપમાનમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે, એટલે કે ઠંડીમાં વધારો થયો છે. સૌથી ઓછું ન્યૂનતમ તાપમાન નલિયા ખાતે ૧૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. ત્યારબાદ રાજકોટ જ્યાં ન્યૂનતમ તાપમાન ૧૪.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. શરૂઆતથી સૌથી ઠંડુ રહેતા અમરેલીમાં ન્યૂનતમ તાપમાન ૧૫.૨ ડિગ્રી સેલ્સિયસ જ્યારે વડોદરામાં પણ ૧૫.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

## રાજકોટમાં પ્રેમ પ્રકરણથી કંટાળી પતિએ પત્નીને ગોળી ધરબી દીધા બાદ આપઘાત કર્યો

રાજકોટ,તા.૧૫

રાજકોટના જામનગર રોડ પર આવેલ નાગેશ્વર વિસ્તારમાં રહેતા અને ચોટીલા આપાગીગા ઓટલા ખાતે સેવક તરીકે કામ કરતા પતિને પત્નીના આડાસંબંધને લઈ તકરાર ચાલી રહી હતી. પોતાના ભત્રીજા સાથે પત્નીને પ્રેમસંબંધ હતો, જેની જાણ થતા પતિ અને પત્ની વચ્ચે ઝઘડો થયો હતો. આ તકરારને કારણે પત્ની ૨૦ વર્ષના દીકરા અને પતિનું ઘર છોડીને સામેની બિલ્ડિંગમાં જ રહેતી તેની સહેલીના ઘરે રહેવા જતી રહી હતી. છેલ્લા દોઢ મહિનાથી પતિ પત્નીને મનાવતો હતો અને પત્નીને બધુ ભૂલી પરત ઘરે આવી જવા માટે કહેતો હતો. આમ છતાં પત્ની ઘરે આવવા તૈયાર નહોતી. શનિવારની સવારે પતિ ફરી પત્નીને મનાવવા માટે તેના ઘરની સામેની બિલ્ડિંગમાં ગયો હતો. આ સમયે પત્ની પણ યોગા કરીને પરત જ આવી હતી. આ સમયે બિલ્ડિંગના પટાંગણમાં બન્ને વચ્ચે ઝઘડો થતાં ઉશ્કેરાયેલા પતિએ પોતાની પરવાના વાળી રિવોલ્વરમાંથી પહેલાં પત્નીને ગોળી ધરબી અને બાદમાં પોતાના લમણે ગોળી મારી આત્મહત્યા કરી લીધી હતી. બન્ને લોહીલુહાણ હાલતમાં સ્થળ પર જ ઢળી પડ્યા હતા. જેમાં પતિનું મોત નિપજ્યું છે, જ્યારે પત્નીને સારવારમાં ખસેડવામાં આવી છે.

## ભાવનગરમાં લગ્નના દિવસે જ ભાવિ પતિએ યુવતીની હત્યા કરતા ચકચાર

ભાવનગર,તા.૧૫



ભાવનગર શહેરમાં લગ્નના દિવસે જ યુવતીની કરપીણ હત્યા થઈ છે. શહેરના પ્રભુદાસ તળાવ વિસ્તારમાં ટેકરી ચોક નજીક ૧૫ નવેમ્બરના રોજ સવારે એક યુવતીની લોખંડના પાઈપ મારી હત્યા થતા પોલીસ કાફલો દોડી ગયો હતો. મરનાર યુવતીના તે દિવસે જ લગ્ન થવાના હતા અને તેના ભાવિ પતિએ જ તેની હત્યા કરી દીધી છે. સોનીબેન હિંમતભાઈ રાઠોડની હત્યા કરી આરોપી સાજન બારૈયા નાસી છૂટ્યો હતો.

આ બનાવની જાણ થતા જ પોલીસ કાફલો બનાવ સ્થળે દોડી ગયો હતો અને તપાસ શરૂ કરી હતી. પ્રાપ્ત માહિતી મુજબ યુવતી તેના ભાવિ પતિ સાથે લિવ-ઈનમાં રહેતી હતી અને તા.૧૫ના રોજ તેના લગ્ન થવાના હતા. લગ્ન થાય તે પૂર્વે જ તેની હત્યા થઈ ગઈ છે.













